# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૬૬ વર્ષ - ૧૫ : જુલાઈ–૨૦૧૧

## પરમાગમસારમાંથી ચૂંટેલા પૂજ્ય ગુરુદેવશ્રીનાં કેટલાક વચનામૃતો



પ્રશ્ન :- સંસારનો થાક લાગવાનો ઉપાય શું ?

ઉત્તર :- સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખરૂપ છે, એના ફળમાં ચારગતિ મળે છે. તેમાં અનેક પ્રકારનાં દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઈએ. શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે. ૫૨૩.

❀

(સહજ તત્ત્વ) અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના સતત અભ્યાસે સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવી મહિમાવંત ચીજનો મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે. ૫૨૮.

❀

પ્રશ્ન :- અંદરમાં ઉતરવા માટે રુચિની જરૂર છે કે બીજી કાંઈ ભૂલ છે ?

ઉત્તર : અંદરમાં ઉતરવા માટે સાચી રુચિની જરૂર છે પણ એ રુચિ માટે બીજો ન કહી શકે, પોતાથી નક્કી થવું જોઈએ. સાચી રુચિ થાય તો આગળ વધતો જાય અને પોતનું કામ કરી લ્યે છે. ૫૪૦.

❀

પ્રશ્ન :- સૂક્ષ્મ ઉપયોગ એટલે શું ?

ઉત્તર :- અંદર આત્મા ધ્રુવવસ્તુ પડી છે તેને પકડે તે ઉપયોગ સૂક્ષ્મ છે. પુણ્ય-પાપ પરિણામમાં રોકાય તે ઉપયોગ સ્થૂલ છે. ૫૪૧.

❀

પ્રશ્ન :- ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય ?

ઉત્તર :- અંદરમાં આત્મવસ્તુ અચિંત્ય સામર્થ્યવાળી પડી છે તેની રુચિ કરે તો ઉપયોગ સૂક્ષ્મ થઈને અંદરમાં વળે છે. ૫૪૨

❀

જેને આત્માનો રસ લાગ્યો છે તેને બહારની આખી દુનિયામાં ક્યાંય અધિકતા લાગતી નથી. જેને બહારની મીઠાશ લાગે તેને આત્માની રુચિ - મહિમા આવતો નથી. ૫૪૮.

❀

પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં. મારે એક આત્મા જ જોઈએ એવો દ્રઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરું આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દ્દઢ નિશ્ચય થવો જોઈએ. ૫૪૯.

❀

ભાઈ ! મનુષ્યભવ મળ્યો છે તો આ કરી લે ! બીજું બધું મૂકી દે ! ચિંતા મૂકી દે ને આ કરી લે. દુનિયા વખાણ કરશે એ કાંઈ હારે નહીં આવે, માટે બહારનું બધું મૂકીને આ કરી લે. ૫૫૦.

❀

ભાઈ ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે. તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે અને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ. ભાઈ ઊંડાણથી સત્‌ના સંસ્કાર નાખ ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. ૫૫૮.

❀

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતા-દ્દષ્ટા પદાર્થ છો. એવો જ્ઞાતા-દ્દષ્ટા સ્વભાવની દ્દષ્ટિ કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૫૭૨.

❀

જીવને સંસારનું એક સમય પણ વિસ્મરણ થયું નથી. (જો) એક સમય પણ વિસ્મરણ થાય તો એના હિતની શરૂઆત થાય. જેની સત્તાનો કદી વિરહ નથી, જેની સત્તાની કદી અપૂર્ણતા થઈ નથી. જેની સત્તા કોઈથી દબાઈ નથી એવી જે ત્રિકાળ નિરાવરણ વસ્તુ છે, તેની નજરબંધી થવી જોઈએ-દ્રવ્ય ઉપર દ્દષ્ટિની નજરબંધી થવી જોઈએ. મારે મારા સિવાય બીજા કોઈનો આશ્રય નથી-એમ ધ્રુવ ઉપર નજરબંધી થઈ જવી જોઈએ. ૫૮૦.

❀



# પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૩૭૬ (તા.૨૮-૫-૧૯૯૦)

(મુમુક્ષુ કેવો હોવો) જોઈએ. એ સંબંધીનું સ્પષ્ટ માર્ગદર્શન આ બીજા વચનામૃતમાં છે.

મુમુક્ષુ કેવો હોય ? પહેલા તો એ વાત કરી. **'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો...'** કેવો હોય ? કે **'અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો...'** એમ નથી કહેતા કે તું અમુક ક્રિયા કરવા લાગી જા. એમ નથી કહેતા કે તું અમુક સંપ્રદાયમાં લાગી જા. એ કોઈ વાત નથી. તું આત્મા છો અને તારે તારા આત્માનું હિત કરવું, કલ્યાણ કરવું એમાં તને કોઈ વાંધો હોય તે તો વિચારી શકાય એવું નથી. પોતે પોતાનું હિત કરવાનું હોય એમાં પોતાને શું વાંધો હોય ? સવાલ એટલો છે કે જે રીતે હિત સધાય તે જ રીતે હિત થાય. એ રીતે હિત કરવું. એટલો સવાલ રહે છે.

અહીંયાં એ રીત મળતી નથી, એ રીતમાં ભૂલ થાય છે. એ રીતને બદલે કોઈ બીજી રીત થઈ જાય છે, એવું બને છે. એવું ન થાય એના માટે શું કરવું જોઈએ ? કોઈને ઇરાદાપૂર્વક ઉન્માર્ગે ચાલવું છે એમ તો હોય નહિ. જાણીબૂઝીને પોતાનું અકલ્યાણ કરવું એવો તો કોણ અભિપ્રાય રાખે ? એવું કોણ વિચારે ? કોઈ આત્મા તો એવું વિચારે નહિ. આત્મા તો હંમેશા પોતાનું કલ્યાણ થાય એવો જ વિચાર કરશે. એની પહેલામાં પહેલી આ તૈયારી છે. ઉપર ઉપરથી આત્મકલ્યાણ કરવાનો વિચાર, ઉપર ઉપરથી આત્મકલ્યાણ કરવાની ઇચ્છા કે ભાવના, એ આ માર્ગ હાથમાં નહિ આવવા દે.

ત્રણે કાળે મોક્ષનો, આત્મકલ્યાણનો એક જ માર્ગ છે. કેમકે એ પદાર્થનું વિજ્ઞાન છે. આત્મા એક જ્ઞાનસ્વભાવી પદાર્થ છે અને એમાં શુદ્ધિ-અશુદ્ધિ એની સાથે એનું હિત અથવા અહિત એટલે કે સુખ અથવા દુઃખ અવિનાભાવીપણે સંકળાયેલું છે. તેથી એની રીતમાં કોઈ ફેરફાર નથી. જેમ શીરાની રીતમાં, શીરો બનાવવાની રીતમાં ફેરફાર ક્યારેય નથી થતો. એક જ પ્રકારે (બને). અહીંયાં બનાવે કે કોઈ દેશ-પરદેશમાં બનાવે. ભૂતકાળમાં બનાવે, વર્તમાનકાળમાં બનાવે કે ભવિષ્યકાળમાં બનાવે. એમ આત્મકલ્યાણ માટે જે રીત છે એને આત્મકલ્યાણનો માર્ગ કહે છે, ઉપાય કહે છે. અને કલ્યાણ તે એનું ઉપેય છે. એ વિષય અનાદિથી રહસ્યભૂત રહ્યો છે, ગુપ્ત રહ્યો છે.

દરેક ધર્મમાં પોતપોતાના આત્મકલ્યાણની માનેલી ક્રિયા તો સૌ કરે છે પણ આત્મકલ્યાણ થાય છે કે કેમ ? એ વિષયમાં શંકિત રહી જાય છે. કોઈ Definite–ખાતરીબંધ, definite Guaranteed વાત નથી કરતું કે અમે આમ કરીને આત્મકલ્યાણ કરી જ લીધું છે. આવું બધું કરતા કરતાં આત્મકલ્યાણ ક્યારેક થઈ જશે એવું અનિશ્ચિત ભવિષ્ય રાખીને બીજું કાંઈ નહિ સૂઝવાને લીધે જે કાંઈ સૂઝે તે બધું કરે છે. કહે છે કે એ કોઈ વ્યવહારુ, Practical ઉપાય ન ગણાય. જીવનમાં એવી રીતે નથી ચાલતા. ચોક્કસ ખાતરી હોય કે અહીંથી લાભ થશે તો જ પરિશ્રમ કરે. અચોક્કસ હોય તો પરિશ્રમ કરવાનું મન થતું નથી.

અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી'એ એક બહુ પાયાની કોઈ સુંદર વાત કરી હોય તો આ કરી છે કે પહેલી વાત એ છે કે તને આત્મકલ્યાણ, આત્મહિત સાધવાની જે ભાવના છે તે અંતરના ઊંડાણથી થઈ છે ? તો સામાન્ય રીતે કોઈ એમ કહે કે અમારે ક્યાં ઉપર-

ઉપરથી કરવી છે ? વળી કેટલાક તો... આપણે ત્યાંનો જ વિચાર કરીએ, બીજાનો શું કરવા કરવો જોઈએ ? ઘણા માણસો નિવૃત્તિ લઈને 'સોનગઢ' રહે છે. એવી રીતે સેંકડો માણસો ત્યાં આવીને રહ્યા છે. તો ભાવના વગર કાંઈ આવ્યા છે એમ કહેશો ? એમ કહે તો સારું પણ ન લાગે. ખોટું લાગે સામા માણસને. કે ભાઈ ! અમે અમારો ધંધો છે, કુટુંબ-પરિવાર છે, દીકરા-દીકરી છે, કુટુંબ મૂકીને અહીંયાં એકલા રહેતા હોઈએ, પાછલી ઉંમરમાં રહેતા હોઈએ, ત્યાં રહેતા હોય તો સાધન-સંપન્ન સગવડો ઘણી હોય, અહીંયાં તો એટલી સગવડો પણ ન હોય. ગામડાના ઉનાળાના તડકા આવા પડતા હોય તો ભાવના વગર કાંઈ થોડો માણસ રહે છે ? ત્યારે 'પૂજ્ય બહેનશ્રી'એ આ વિષયની અંદર પોતાને કોઈને પૂછવા ન જવું પડે અને પોતાને જ પોતાની ખબર પડે કે મારી ભાવના અંતરના ઊંડાણની છે ? કે મારી ભાવના ઉપર ઉપરની છે ? એની ખાતરી પોતે જ કરી શકે માટે બીજું વચન લીધું છે.

જેને અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવાની જાગૃતિ આવી અને **'જેને આત્માની ખરેખરી લગની લાગી,...'** આ એનું બીજું ચિહ્ન લીધું. આત્મહિત સાધવાની અંતરના ઊંડાણની ભાવના સાથે સાથે આનુષંગિક પરિણામ એવા હોય છે, સાથે થનારા. આનુષંગિક એટલે ? સાથે જ થનારા પરિણામ એવા જ હોય છે કે જેમાં આત્માની ખરેખરી લગની લાગે છે. ત્યાં રહીને નિવૃત્તિ લઈને પણ નાની-મોટી અનુકૂળતાઓ પાછળ જ પરિણામ રહ્યા કરે અથવા ત્યાંના સંયોગોની આસપાસ જ પરિણામ રહ્યા કરે; સંયોગો એટલે જડ, ચેતન, સચેત, અચેત, મિશ્ર બધું એમાં આવી જાય છે, સંયોગો કહેતા. કોઈ વ્યક્તિવિશેષ, કોઈ બીજાની, કોઈ ત્રીજાની જેને લૌકિક ભાષામાં પંચાત કહેવામાં આવે છે. નવરો શું કરે પછી ? ગામની પંચાત કરે. તો એ બધું કેમ થાય છે ? કે અંદરમાં લગની નથી લાગી એટલે થાય છે.

જેને આત્માની લગની લાગે છે એ કોઈની સામે જોતો નથી. જેની લગની લાગી એની પાછળ લાગેલો રહે છે. લગની લાગવાનો અર્થ એ છે કે જેની લગની લાગી છે એની પાછળ જે લાગેલો રહે એનું નામ લગની લાગી કહેવાય. તો પછી અહીંયાં તર્ક થશે કે, સવારે પૂજા કરે, પછી એક કલાક ગુરુદેવની ટેપ સાંભળે, વળી ઘરે જમવાનો સમય થયા પહેલા થોડું-ઘણું વાંચે કે વિચારે, કોઈ વાંચે - કોઈ વિચારે. ઘડીક પછી આરામ કરીને બપોરનો સ્વાધ્યાયનો ટાઇમ થાય એટલે સ્વાધ્યાય Attend કરે. ત્યાર પછી દેરાસરમાં ભગવાન સમક્ષ ભગવાનની ભક્તિ કરે. વળી સાંજ પહેલા પણ, જમ્યા પહેલા થોડો સમય રહે એટલે થોડું વાંચે-વિચારે. રાત્રે પણ સુતા પહેલા અડધી-કલાક-કલાક થોડુંઘણું ચિંતવન કરે. આવી રીતે નિવૃત્તિ કાળમાં આખા દિવસનો ક્રમ ગોઠવાણો હોય તો લગની લાગી ગણવી કે ન ગણવી ? આ તો એક તર્ક છે. આમ ન કરતા હોય અને સમય વેડફતા હોય, લાઈબ્રેરીમાં ચાલ્યા જાય, કે ઘરે છાપાનો ઢગલો કરીને વાંચતા હોય એની આપણે ચર્ચા નથી કરવી. પણ જે કાંઈક સદ્‌વિચારની અંદર સમય વ્યતીત કરતા હોય તોપણ લગની લાગવી એ કાંઈક જુદી વસ્તુ છે. એને અંદરથી ચટપટી લાગે છે. રોજ સાંજ પડી જાય ને જીવ બળવા માંડે. આજે સાંજ પડી ગઈ આખા દિ' માં કાંઈ થયું નથી. બે વચ્ચે શું ફેર છે ? કે પેલાને એમ લાગે છે કે રોજ હું બે-ચાર-પાંચ કલાક કાંઈક કરું. કાંઈક કર્યા વગર નથી રહેતો. નિવૃત્તિ લીધી છે એટલે હું કાંઈકને કાંઈક કરું છું એમ લાગે છે. એ લગની વગરનો જીવ છે. કરે છે છતાં, હોં !

મુમુક્ષુ :– આટલું બધું કરવા છતાં લગની નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– છતાં એ લગની વગરનો છે. કેમકે એને એમ લાગે છે કે હું કાંઈક કરું છું. આ એનું ચિહ્ન છે, લક્ષણ છે. અને પેલો છે એને એમ લાગે છે કે મારે કરવું છે એ હજી કાંઈ થતું નથી અને રોજ સાંજ પડી જાય છે. જેમ કોઈ આખો દિવસ વેપાર કરે અને એક પૈસાની કમાણી ન થાય તો શું થાય ? જીવ બળે કે ન બળે ? કે આખા દિવસનો ખર્ચો ચડ્યો, રસોડાનો ખર્ચો ચડ્યો, દુકાનનો ખર્ચો ચડ્યો અને વેપાર કર્યો એમાં જે ભાવે લાવ્યા એ ભાવે

માલ વહેંચી નાખવો પડ્યો. બજાર ઘટી ગઈ છે તો અત્યારે દુકાનમાં એક પૈસો રળવા દે એવું નથી. ઘરાક આવે છે તો કહે છે કે ભાઈ ! ભાવ ઉપર ઘટ્યા છે આપવું હોય તો આપો નહિતર કાલે પછી ખોટે વહેંચવાનો વારો આવશે. એના કરતા ભાવેભાવ નીકળવું હોય તો આજે લેવા આવ્યા છીએ તો માલ આપી દ્યો. આખો દિવસ મહેનત કરે અને માલ ઘણો ખપે અને એક પૈસો પણ ન કમાણો હોય તો શું થાય એને ? સરવાળો મારે તો કહે ભાઈ ! આટલા હજારનો માલ વહેંચ્યો. શું રળ્યા ? કાંઈ નથી કમાણા. તો શું થાય એને ? ખેદ થાય છે, દુઃખ થાય છે કે માલ ખરીદવાનો પરિશ્રમ કર્યો, વહેંચવાનો પરિશ્રમ કર્યો, ઉઘરાણીનું જોખમ ઉઠાવ્યું, પૈસા રોક્યા, નોકરોના ખર્ચા કર્યા, હાથમાં કાંઈ આવતું નથી.

એમ એને સાંજ પડે અને કાંઈ ન થાય એ એને દેખાય છે અને પેલાને એ દેખાતું નથી. એને એમ થાય છે કે મેં કાંઈક કર્યું છે. કર્યા છે, શુભભાવ જરૂર કર્યા છે પણ આત્મકલ્યાણ કોઈ બીજી ચીજ છે. એ પૂજા, ભક્તિ, સ્વાધ્યાય, દયા, દાન, વ્રત, તપ આદિથી કોઈક આગળની વિશિષ્ટ પ્રકારની ચીજ છે અને એ નથી થયું એનો એને ખેદ લાગે છે, એની એને ખટક ઊપજે છે.

એવી **'જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'** જે લોકોત્તર માર્ગ છે. જીવ અંતર્મુખ થઈને પોતાના સ્વરૂપને અનુભવમાં લે છે, પ્રતીતમાં લે છે અને શુદ્ધોપયોગથી સ્થિર થાય છે એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ-મોક્ષમાર્ગ છે એ મોક્ષમાર્ગ કોણ કરે છે ? કોણ કરી દે છે આવો માર્ગ ? કે જેને આત્મપ્રાપ્તિની લગની છે તે એને આ માર્ગ કરી દે છે, સ્વયમેવ એ માર્ગ કરે છે. એને લગની કહો, એને રુચિ કહો. કેમકે રુચિ પણ એવી જ ચીજ છે કે એ પોતાના વિષયથી એ જુદી ન રહી શકે.

આત્માની રુચિ આત્માથી જુદી ન રહે. એ આત્માને પ્રગટ કર્યે જ છૂટકો–એનું નામ આત્મરુચિ છે. અને પ્રગટ ન થાય ત્યાં સુધી એને સખ પડે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય એ જંપ વાળીને બેસે નહિ.

આત્મકલ્યાણ અથવા આત્મપ્રાપ્તિ પહેલા જીવને આવો એક અજંપો ઊભો થાય છે એ પણ લગનીનું લક્ષણ છે, એ પણ ભાવનાનું લક્ષણ છે, એ પણ સ્વરૂપપ્રાપ્તિની જે ભાવના છે, અંતરની ભાવના છે એનું લક્ષણ છે કે અંતરની ભાવનાવાળાને ભાવનાની સિદ્ધિ ન થાય તો અજંપો થાય અને અંતરની ભાવના ન હોય તો એને ભાવનાની સિદ્ધિ ન થાય તો એ જંપ વાળીને નિરાંતે ખાઈપીને સૂઈ જાય. પેલાને ઊંઘ ન આવે. એટલો ફેર પડે એમ કહે છે.

અરે...! જે મહાત્માઓએ, ધર્માત્માઓએ સ્વરૂપપ્રાપ્તિ કરી એણે તો એની પાછળ રુદન કર્યા છે. સ્વરૂપની પ્રાપ્તિ ન થાય તો આંખમાંથી આંસુની ધારા છૂટે. કે અરેરે..! આ શું જીવને હજી ક્યાં અટકવું છે ? શું કરવા અટકવું છે ? અને કેમ હજી એમ ટાઢો થઈને પડ્યો છે એમ ને એમ ? ટાઢો નથી હોતો તો પણ, હોં ! ટાઢો હોય એનો તો પ્રશ્ન નથી, એને તો ઉકળાટ હોય છે. ટાઢો નથી હોતો તો પણ ઠપકો આપે છે, તો પણ પોતાને નિંદે છે.

કહેવાનો આશય એ છે કે એ વખતે આત્મપ્રાપ્તિ ને લગની, રુચિના, તાલાવેલીના ઉચ્ચ કોટીના પરિણામ હોવા છતાં પણ એને એમાં સંતોષ નથી. અને ઉપર ઉપરની ભાવનાવાળાને એથી નીચી કોટીના પરિણામ હોય છે તોપણ સંતોષ હોય છે. આમ બેનો રસ્તો વિરુદ્ધ છે. બેનો પ્રકાર છે એ આમાં વિરુદ્ધ છે. એ વિરુદ્ધ પ્રકાર છે એ ન સમજાય અને એનો વિચાર ન હોય, એનો ખ્યાલ ન હોય એના માટે આ ધર્માત્માઓએ બહુ ચોખ્ખું કરીને સાદી ભાષામાં મૂકી દીધું છે. ભાઈ ! કદાચ તને ખ્યાલ નહિ આવે. વેપાર-ધંધો કરતો હોય એને તો દુઃખ થાય કે આપણે આ પાપના પોટલા રોજ ઊઠીને બાંધીએ છીએ. આનાથી છુટીએ તો સારું. હળુકર્મી હોય તો, હોં ! હળુકર્મી ન હોય તો એમાં એવો નશો ચડી જાય છે કે પાછા વળવાનું મન થતું નથી. એ પણ એક નશો છે. પણ કોઈ હળુકર્મી જીવ હોય તો એને એવો વિચાર આવે

છે. પણ એ વેપાર-ધંધો મૂક્યા પછી... આપણે તો આપણા જેવાની વાત લેવી. કોઈની ટીકા કરવી નથી. આપણે આપણા પગ નીચે રેલો આવે છે એનો જ વિચાર કરવો કે હવે આપણે શું કરીએ છીએ ? અને શું થઈ ગયું છે આપણા આત્મામાં ? એ અંતરની ઊંડાણની ભાવનાથી કોઈ તાલાવેલી લાગી છે ? કે એમ ને એમ બધું ચાલે છે ? જાણે-અજાણ્યે કાંઈ સંતોષ લેવાય છે કે ચાલો આપણે તો વેપાર-ધંધો મૂકીને હવે પાપ તો બંધ કર્યાં. હવે દેવ-ગુરુ-શાસ્ત્ર, પૂજા, ભક્તિ, સ્વાધ્યાય તો ચાલુ કર્યાં. તો કહે છે કે એક દુકાન તેં બંધ કરી છે. 'સોગાનીજી'ના શબ્દમાં કહીએ તો, 'દુકાને જઈને તું ખાતાવહીના પાના ફેરવતો હતો, હવે અહીંયાં આવીને શાસ્ત્રના પાના ફેરવે છો. જે કરવું જોઈએ છે એ હજુ તું કરતો નથી.' એક દુકાન બંધ કરીને બીજી દુકાન ચાલુ કરી દીધી છે. આવા ચોખ્ખા શબ્દો લીધા છે. એમની તો જરા તીખી શૈલી હતી. આત્માને અંદરથી બેઠો કરી દે એવી તીખી શૈલી હતી જરા.

કહે છે કે એવી જો **'આત્માની ખરેખરી લગની લાગી, તો આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.'** હવે અહીંયાં શું કહેવું છે ? અહીંયાં જરા સૂક્ષ્મ વિચાર છે કે સામાન્ય રીતે ધર્મના ક્ષેત્રમાં આવી શુભયોગની ક્રિયામાં જે મુમુક્ષુઓ રહ્યા છે એ પણ મુંઝાય છે કે માર્ગ હાથમાં આવતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ–એ તો મુખ્ય ત્રણ ગુણના, આત્માના મુખ્ય ત્રણ ગુણના પરિણામની વાત લીધી છે કે જે સમ્યક્ થયા છે, સ્વાભિમુખ થયા છે, અંતર્મુખ થયા છે. પણ અંતર્મુખ કેમ થવું એ માર્ગ નથી હાથમાં આવતો. અને ત્યાં સુધી જીવ બધું બહારમાં બહાર જ રહીને કર્યા કરે છે. બહિર્મુખભાવે, બહિર્મુખ પરિણામે બધું કર્યા કરે છે કે જે એને ખરેખર ધર્મરૂપ નથી, ધર્મના કારણરૂપ પણ નથી. ધર્મ તો નથી પણ ધર્મના કારણરૂપ પણ નથી. એવું એ બહારને બહાર બહિર્મુખ પરિણામ કરી રહ્યો છે. એને કોઈવાર મૂંઝવણ થાય છે કે આ માર્ગ અંદર કેમ સૂઝતો નથી ? માર્ગ કેમ પ્રાપ્ત થતો નથી ? તો એને માટે એ વિચાર કરે છે કે હું કાંઈક વાંચું. એવો માર્ગ જેમાં પ્રસિદ્ધ કર્યો હોય એવા શાસ્ત્રો વાંચું, અથવા એવો માર્ગ જેણે પ્રગટ કર્યો હોય એવા સત્પુરુષના, મહાપુરુષના સમીપે જઈને, એના સત્સંગમાં, સમાગમમાં જઈને, એના ચરણમાં નિવાસ કરીને હું કાંઈક માર્ગપ્રાપ્તિ કરું એમ હજી બહાર ગોતવા જાય છે. એને એમ કહે છે કે તારો માર્ગ અંદરમાં છે અને અંદરમાં એ તારી લગની માર્ગ કરી દેશે. બીજું કોઈ માર્ગ તને નહિ કરી દે. કેમકે એ માર્ગ છે એ શબ્દોમાં શાસ્ત્રોના શબ્દો હોય કે મહાપુરુષના શબ્દો હોય પણ એ મર્યાદિત ભાષામાં, મર્યાદિત શબ્દોમાં એ વ્યક્ત થાય છે અને ઘણું એમાં અવ્યક્ત રહી જાય છે, જે કહી શકાતું નથી. કહી શકાય એવી પરિસ્થિતિ નથી એની અંદર. જ્યાં એવી પરિસ્થિતિ છે ત્યાં ઉપાય શું ?

જો માર્ગ કહી શકાતો હોત તો એ વાત ઘણી સારી હતી કે ઘણા જીવો પામત. પણ આ એક કુદરતી વસ્તુવ્યવસ્થા છે કે જે માર્ગ અલ્પમાત્રામાં અથવા સંકેતમાત્રપણે ઈશારો માત્ર એનો કરી શકાય છે, બાકીનું બધું અવ્યક્ત રહી જાય છે, વ્યક્ત નથી કરી શકાતું. એટલે આત્મા અને આત્મપ્રાપ્તિનો માર્ગ બંને અવક્તવ્ય છે. કથંચિત્ અવક્તવ્ય છે અને કથંચિત્ જ વક્તવ્ય છે એમ શાસ્ત્રની અંદર પણ એ વાત પ્રસિદ્ધ છે. ત્યારે અવક્તવ્ય છે એનો ઉપાય શું ? તો કહે એનો આ ઉપાય છે, ભાઈ !

તારે જે જોઈએ છે એ તારા પરમહિતનો વિષય છે. આત્મકલ્યાણ એટલે પરમકલ્યાણ. કે જેને સંસારમાંથી જન્મ-મરણ છૂટી જાય અને સંસારના સમસ્ત પ્રકારના દુઃખનો નાશ થાય અને સાદિ અનંત... અનંત.. અનંત... સમાધિ સુખમાં અનંતદર્શન, અનંતજ્ઞાન સહિત બિરાજમાન થવાય એવા સિદ્ધપદની પ્રાપ્તિ જે થાય છે એનું મૂળ આ જગ્યાએ છે. જેનું છેલ્લું Station - destination જેને કહેવાય છે તે સિદ્ધપદ છે. પછી આગળ કોઈ પદ નથી. એનું મૂળ આ જગ્યા એ છે. પ્રથમમાં પ્રથમ સંસારમાં પરિભ્રમણ કરતા સંસારીજીવને અંતરના ઊંડાણમાંથી એ જ સ્વરૂપની પ્રાપ્તિની, માર્ગની પ્રાપ્તિની

લગની લાગે છે.

કોઈ એમ કહે કે લગની તો લગાડવી છે પણ લાગતી નથી એનું શું કરવું ? હજી અહીંયાં પ્રશ્ન થાય છે. તમે ન કરો તો હું ઉઠાવું છું. વાત સારી છે. વાતમાં અમને કાંઈ વાંધો નથી. તમારી વાત સાથે અમને વાંધો-વિરોધ નથી પણ લગની લગાડવી છે છતાં લગની લાગતી નથી એનું હવે શું કરવું ? આ પણ એક સમસ્યા છે, હોં ! કોયડો છે. અને લગની નથી લાગતી એટલે અમે પૂજા, ભક્તિ, સ્વાધ્યાય એવું તો બધું કર્યા જ કરીએ છીએ. ભલે લગની ન હોય છતાં બીજું કરવું એના કરતા આ કરવું ઠીક એમ સમજીને પણ કર્યા કરીએ છીએ. નહિતર બીજું કરવાનું થશે.

એક વાત અહીંયાં વિચારવા જેવી છે કે ભલે તું બીજું ન કર અને આવું બધું કાંઈક કર. પણ એમ માનીને કર કે આમ કરતા કરતા લાભ થશે તો બહુ મોટું અટકવાનું સ્થાન થઈ જશે, એ જ તને અટકવાનું સ્થાન થઈ જશે. પણ એમ માનીને વ્યાપારાદિમાં ન જવાને બદલે માર્ગ શોધવા માટે, માર્ગ શોધવાનું ચાલુ રાખીને... વળી પાછું એમાં પણ તકલીફ છે કે માર્ગ શોધવાનું મૂકી દે અને યંત્રવત્ રૂઢિગત ક્રિયામાં આવી જાય કે રોજ ઊઠીને પૂજા કરો, રોજ ઊઠીને સ્વાધ્યાય કરો, રોજ ઊઠીને સ્તુતિ બોલો, રોજ ઊઠીને ફલાણું કરો. એ બધી ક્રિયાઓ છે. એ ઘરેડમાં તું આવી ગયો.

મુમુક્ષુ :– ગુરુ વગર જ્ઞાન થાય નહિ તો ગુરુની સેવા કરીએ તો થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ગુરુ વગર જ્ઞાન થાય નહિ એ વાત સાચી છે. એ ગુરુની સેવા કરવી એટલે શું ? પગચંપી કરવી એ વાત નથી. ગુરુની સેવા કરવી એટલે ગુરુના વચનોનું સેવન કરવું. આ પગને ચરણ કહેવાય છે અને ચરણ શબ્દનો અર્થ બે થાય છે. એક ચરણ એટલે પગ અને એક ચરણ એટલે વચન. ચરણસેવા, ગુરુચરણ સેવા શું કીધું છે ? ગુરુચરણ સેવા કરવી. તો ન સમજે એ શું કરે ? પગચંપી કરવા લાગે. બાપજીને પગચંપી કરી દ્યો. એમ નથી. એ જે કહેવા ધારે છે. એની સેવા કરવી એટલે એ સેવવું. એનું નામ ગુરુચરણ સેવા છે. એનું નામ ગુરુ મળ્યા એમ કહેવાય છે. નહિતર મળ્યા અને ન મળ્યા બધું સરખું જ છે. યોગ અને અયોગ બધી એક જ વાત છે. કાંઈ ફેર નથી એમાં.

અહીંયાં તો આપણે બીજી વાત કરવી છે કે અમને લગની લાગતી નથી એનું શું કરવું ? માટે અમે આવું બધું કર્યા કરીએ છીએ. તો કહે છે કે ઊભા રહો. માટે કરીએ છીએ એટલે શું ? લગની નથી લાગતી માટે આવું કરીએ છીએ એટલે શું ? એને સાધન માન્યું કે એને સાધન નથી માન્યું એ પહેલો જવાબ આપો. જો સાધન નથી માન્યું તો સાધન પાછળની તમારી કોઈ પરિણામની પ્રક્રિયા ચાલે છે ખરી ? જો સાધન માન્યું હશે તો કાંઈ નહિ ચાલે. તો પછી એ એમાં અટકવાનું સ્થાન છે. ચાલો આપણે પૂજા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, શાસ્ત્ર સ્વાધ્યાય કરીએ છીએ, ગુરુદેવની ટેપ સાંભળીએ છીએ અને આવું બધું આપણે કરીએ છીએ માટે કાંઈક ને કાંઈ કોઈક દિ' આપણને લાભ થઈ જશે. તો એમાં કાંઈ આશા રાખવા જેવી નથી. એ કોઈ આશા રાખવા જેવી નથી. અનંત કાળે એ નહિ થાય. આ જિંદગીમાં તો નહિ થાય પણ એવું અનંતકાળ તું કર્યા કર તો ન થાય એવી આ ચીજ છે.

મુમુક્ષુ :– શ્રીમદ્જી કહે છે, અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન...

પૂજ્ય ભાઈશ્રી :– હા વિના ભાન...આત્માનું ભાન નથી કર્યું માટે તું પરિભ્રમણ કરે છે એમ કહે છે. અહીં તો એ પહેલા શું કરવું એ વાત છે. ભાન થવા માટે શું કરવું ? એ વિષય પ્રસ્તુત વચનામૃતમાં છે.

ત્યારે અહીંયાં એક વાત એ સ્પષ્ટ કરવા યોગ્ય છે કે જીવનો એવો સ્વભાવ છે કે જ્યાં જેને લાભ વધારે હોય એ બાજુનો રસ, એ બાજુનો ઉત્સાહ અને એ બાજુનો પ્રયત્ન કર્યા વગર રહી શકે નહિ. એને કરતો રોકી શકાય નહિ. (મોટો લાભ દેખાય એવા સમયે કોઈ કહે કે જમી લ્યો) તો કહે ભાઈ ! ઘરવાળા ફીકર કરશે તો યાદ કરી દેશે. આપણે યાદ કરવાની જરૂર નથી. એ લોકો કરશે યાદ, કાં ટિફિન મોકલશે, કા વ્યવસ્થા કરશે. નહિતર કાંઈ નહિ એક દિ' નહિ

(જમીએ) તો આપણે મરી જવાના નથી. અત્યારે આ કામ કરી દ્યો. અત્યારે ટેલિફોન છોડવા જેવો નથી. એવી રીતે લાગી જાય કે નહિ ? કેમકે સામે મોટો લાભ દેખાય છે.

આ જીવને લાભ દેખાણો નથી. લગની નથી લાગી એનો અર્થ એ છે કે આ આત્મકલ્યાણ એટલે કેટલો લાભ ? એ વસ્તુ એને સમજમાં આવી નથી. એ સમજમાં આવે એના માટે આ સ્વાધ્યાય છે. સ્વાધ્યાય એટલે વાંચી જવું. એક જણ વાંચી જાય અને ૨૫-૫૦ જણ સાંભળી જાય એનું નામ સ્વાધ્યાય નથી. પણ એ સમજણ સમજણના સ્થાને આવી નથી એ સમજણ કરવાનો આ એક પ્રયોગ છે, બીજું કાંઈ નથી. આ રૂઢિ નથી, રિવાજ નથી. યંત્રવત્ કરવાની કોઈ ક્રિયા નથી પણ એક પ્રયોગ છે કે જેમાં પોતાને પોતાના કલ્યાણની કીંમત ભાસી નથી તે ભાસે, લાગી નથી તે લાગે. એનું નામ સમજાણું કહેવાય. નહિતર તો બુદ્ધિથી બધાને સમજાય છે. સમજ્યા નથી ? એમ કહે. તો કહે અમે સમજ્યા નથી ? સમજ્યાનો અર્થ એ છે કે લાગે છે ? ભાસે છે ? એનું નામ સમજ્યા. જો લાગે નહિ અને ભાસે નહિ તો લગની ઊપડશે નહિ. સમજાશે છતાં લગની નહિ ઊપડે. અને સમજાશે એમાં એ જ નહિ સમજાય કે કેમ લગની ઊપડતી નથી ? એમ કહેશે કે વાત સાચી છે પણ લગની કેમ ઉપાડવી એ નહિ સમજાય. એ ઉપાડવાની નથી. એ તો સહજ જ ઊપડે છે. એને સમજણ સાથે સીધો સંબંધ છે.

યથાર્થ સમજણરૂપ જ્ઞાન તેને કહીએ, યથાર્થ સમજણરૂપ જ્ઞાન તેને કહેવાય કે જે આત્મસ્વભાવની લગનીને ઉત્પન્ન કરે એને. નહિતર સમજણ નથી પણ કાંઈક ગેરસમજણ થઈ છે. સમજણ નથી તો એને શું સમજવું ? કે એ બધી ગેરસમજણ છે એમ સમજવા જેવું છે. એવો આ બોલ છે. આ જે વચનામૃત છે એ એમ કહે છે કે તને ભાવના થઈ ને લગની લાગી ? તો તું સમજ્યો એમ તને કહીએ. નહિતર તું સમજ્યો છો એ વાત ભલે તું માનતો હોય પણ કાંઈ બફમમાં રહી ગયો છે. ખરેખર તું સમજ્યો નથી.

મુમુક્ષુ :– (એક મુમુક્ષુભાઈ) જ્યારે હોય ત્યારે આ તત્ત્વની જ ચર્ચા કરતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા એ તો જૂના પરિચય હતા આપણે તો બધા નવાનિશાળીયા. એક તો ઉંમર પણ તેમની મોટી, 'વીંછિયાના' છે ને. ગુરુદેવ તો... 'સોનગઢ' પછી પહેલું (મંદિર વીંછિયામાં થયું). પહેલું 'સોનગઢ'માં થયું. પછી ગુરુદેવની પ્રેરણાથી જે મંદિરો થયા છે એમાં સૌથી પહેલું 'વીંછીયા'નું મંદિર. એટલે 'વીંછીયા'ના મુમુક્ષુભાઈઓ 'ગુરુદેવ'ને સૌથી પહેલા અને વધારે સંખ્યામાં અનુસરતા હતા. એ એક સ્વભાવિક છે. 'ગુરુદેવ'ને કારણે તત્ત્વવિચાર એ બધો વિષય ચાલે છે.

મુમુક્ષુ :– અત્યાર સુધી જે કાંઈ સમજ્યો ...

પૂજ્ય ભાઈશ્રી :– કારણ કે એને એ સમજણથી ભાવના અને લગની ઊપડવી જોઈએ એ નહિ ઊપડવા છતાં પોતે એમ માન્યું છે કે હું સમજ્યો છું, મને ખબર પડે છે. આ બધી વાત મને સમજાય છે. જે વાચું છું, સાંભળું છું એ મને સમજમાં આવે છે માટે હું સમજું છું. એ ગેરસમજણ છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' જે કહે છે તે પ્રમાણે આ સ્વચ્છંદમાં આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. 'શ્રીમદ્જી'ના શબ્દોમાં કહીએ તો એ સ્વચ્છંદ છે. હું સમજું છું એ પરિણામ સ્વચ્છંદના છે. બરાબર છે. એટલે એમાંથી પાછો અવગુણ થાય છે.

શું કહે છે અહીંયાં ? એક બહુ સરસ વાત કરી છે તો એ કરી છે કે જે માર્ગ અનાદિથી અજાણ્યો રહ્યો છે, જે રહસ્યભૂત માર્ગ છે, જે અવક્તવ્ય છે એ અવક્તવ્ય માર્ગને વ્યક્ત કરી દેવા માટે આત્મસ્વરૂપની પ્રાપ્તિની ભાવના અને એની લગની છે એ આપોઆપ જ કાર્ય કરે છે. અને એ કાર્ય તિર્યંચને પણ થાય છે એનું કારણ આ છે. આપણે તો બે-પાંચ કલાક કાંઈ કરતા હોઈએ એ કાંઈ નથી, એટલા માટે કે દ્રવ્યલિંગી કેટલું કરે છે ? દીક્ષા અંગીકાર કરીને જંગલમાં જાય છે. એમાં કેટલાક રાજા-મહારાજાઓ અને કરોડપતિ-

અબજોપતિ માણસો પણ દીક્ષા લઈને, કુટુંબ-પરિવાર, સંપત્તિ છોડીને જંગલમાં જાય છે. વનવાસમાં વસે છે. તો આત્મલગની વગર ? પ્રશ્ન તો બધો ઉઠાવવા જેવો છે. એ સમર્થ દૃષ્ટાંત છે. આ આપણે ચાલું આપણા જીવનનું દૃષ્ટાંત છે. એ પણ કર્યાનો સંતોષ ત્યાં થાય છે. જેમ અહીંયાં થોડું કર્યાનો સંતોષ છે તેમ કોઈને જાજુ કર્યાનો સંતોષ થાય છે. અને એ સંતોષ એ જ દર્શનમોહની પર્યાય છે. દર્શનમોહની પર્યાય છે નહિ દર્શનમોહની તીવ્ર પર્યાય છે. ત્યાં મિથ્યાત્વ વધેલું છે અને એને લીધે એને માર્ગ સૂઝતો નથી.

જ્યારે આત્મસ્વરૂપની લગની છે એ દર્શનમોહના અનુભાગને તોડે છે એની શક્તિને તોડે છે. અનુભાગને તોડે છે એટલે એની શક્તિને તોડે છે. એટલે જ્ઞાનમાં નિર્મળતા થાય છે. મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય નિર્મળતા થાય છે કે જેને લઈને એને માર્ગ સૂઝે છે. એટલે એની લગની માર્ગ કરી દેશે એમ કીધું. એકમાં દર્શનમોહ વધે. ચારિત્રમોહ અવશ્ય મંદ થાય છે, પણ ચારિત્રમોહ મંદ થવાના કાળે તે ચારિત્રમોહની મંદતામાં સંતુષ્ટ થયેલો જીવ દર્શનમોહની વૃદ્ધિ કરે છે. ધ્યાન દર્શનમોહ ઉપર દેવા જેવું છે ચારિત્રમોહ ઉપર નહિ. કેમકે પહેલા એ જશે. ચારિત્રમોહ Temporary મંદ થયો હશે, થોડા સમય માટે એ પાછો તીવ્ર થતા વાર નહિ લાગે. કેમકે એ તે રૂંધાયેલો કષાય છે. રૂંધાયેલો કષાય તો ગમે ત્યારે ભભુકી ઊઠશે. એટલે પહેલું દર્શનમોહના વિષયની અંદર લક્ષ્ય દેવું જોઈએ કે આમાં શું થાય છે ? આમ કરવાથી આમાં શું થાય ? આમ કરવાથી આમાં શું થાય ? એ વાત પહેલી લક્ષમાં હોવી જોઈએ.

મુમુક્ષુ :– ઉપર ઉપરથી લાગે ...

પૂજ્ય ભાઈશ્રી :– ચોટ લાગે તો સારી વાત છે. ચોટ લાગવાની જરૂર છે. સાંભળતા ચોટ લાગવી જ જોઈએ. ચોટ લાગે તો જ કામ કરે. નહિતર તો ટાઢો થઈને ઘરેડમાં એમનેમ બેસીને જાડું થઈ જશે.

મુમુક્ષુ :– પાત્રતા આવી નથી એટલે ચોટ લાગી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. બરાબર છે. ચોટ લાગવી એ પાત્રતાનું લક્ષણ છે. પોતાને પાત્રતા નથી એવું લાગે તો ત્યાં એને સ્વચ્છંદ ન આવે કે હજી તો મારે પાત્રતા આવવી બાકી છે, મારે તો પાત્રતામાં ઘણી ખામી છે. પાત્રતા લાવવામાં કોઈ લાંબો Process નથી, કોઈ લાંબો પ્રયોગ નથી, કોઈ લાંબી શરત નથી, કોઈ લાંબી બીજી વાત નથી. એક આત્મકલ્યાણની તીવ્ર ભાવના અને તીવ્ર ઇચ્છા થાય એ સેકન્ડે પાત્રતાનો જન્મ થઈ જાય છે, બીજી સેકન્ડ નહિ. એ જ વર્તમાનમાં. પાત્રતા લાવવી એ સૌથી સહેલી વાત છે. એટલે આ માર્ગ સરળ છે, સુગમ છે, સુંદર છે, સહેલો છે એમ કહેવાય એ તેનું કારણ પાત્રતા છે. કે પાત્રતા લાવવી એ સહેલી વાત છે અને પાત્રતા આવ્યા પછી આગળ વધવું એ બધું સહેલું છે. પાત્રતા વગર બધું અઘરું છે.

અઘરું ક્યાં સુધી છે ? રુચિ નથી, લગની નથી, પાત્રતા નથી ત્યાં સુધી અઘરી વાત છે. પણ જ્યાં પાત્રતા આવે ત્યાં તો રસ્તો સાફ થઈ જાય છે, સહેલો થઈ જાય છે. સુગમ અને સરળ માર્ગ થઈ જાય છે. તો પાત્રતા લાવવા માટે શું કરવું ? કે બસ ! તારા સ્વરૂપ પ્રાપ્તિની, તને કલ્યાણની ભાવના હોવી જોઈએ. તારા આત્મકલ્યાણની તીવ્ર ભાવના, આથી વધારે કોઈ માગતા નથી. તે ભાવનાને વશ બધા આનુષાંગિક પરિણામ ઉત્પન્ન થશે, લગનીના અને બીજા અને ત્રીજા, અને રુચિના અને તાલાવેલીના બધા થશે.

હવે વાત એટલી જ છે કે આ જીવે પોતાને અંતરમાં પૂછવાની જરૂર છે કે તારે આ અનંતકાળે આવેલો મનુષ્યભવ એમાં કરી લેવું છે કે નથી કરી લેવું ? નક્કી કરીને કહે. એ વાત જ્યાં સુધી અંદરથી દૃઢ મોક્ષેચ્છા જ્યાં સુધી નહિ થાય, એની દૃઢતા નહિ આવે ત્યાં સુધી લગની, તાલાવેલી કોઈ ચીજ ઊભી થવાની નથી. પછી ગમે તે કરો એ બધું નકામું છે. જે કાંઈ કરે તે સંસાર અર્થે છે. સીધી વાત આ છે. મોક્ષ અર્થે તો કાંઈ જ નથી પણ જેટલું કાંઈ કરે તે બધું સંસાર અર્થે ફળશે. કેમકે થોડાક પુણ્ય બંધાશે. પુણ્યના ફળમાં સામગ્રીઓ આવશે, આ ભવમાં કે પરભવમાં અને ત્યાં પાછો એને ભોગવવામાં પાપના

પોટલા બાંધ્યા વિના રહેવાનો નથી. આ પરિસ્થિતિ, આ ઘટમાળ ચાલે જ છે. અનાદિથી આ જ ઘટમાળ ચાલે છે કે ધર્મના ક્ષેત્રમાં જઈ અને આત્મકલ્યાણ કરવાને બદલે શુભભાવ કરીને પુણ્ય બાંધ્યા એને ભોગવતા પાપ બાંધ્યા, અધોગતિમાં ગયો, દુ:ખ ભોગવ્યા, વળી ક્યાંક મંદ કષાય કરીને ઉપર આવ્યો એટલે વળી પાછી એની એ પરિસ્થિતિ ચાલુ કરી દીધી. મોક્ષમાર્ગ પકડ્યો નહિ.

મુમુક્ષુ :– મારે આત્મકલ્યાણ કરવું છે એવો નિશ્ચય કેવી રીતે થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો પૂછવું કે શું કરવું છે ? કેમકે આ અત્યારે આપણે આપણો વિચાર કરીએ તો આપણે કુટુંબ, પરિવાર, નોકરી, ધંધો કે જે કાંઈ લઈને બેઠા છીએ. બરાબર છે ? અને એ બધું કરવું છે એ તો છે જ નક્કી, એમાં કાંઈક ખામી આવે છે તો કેટલી આકુળતા થઈ આવે છે એ કાંઈ સમજાવવાની જરૂર નથી. કેમકે બધાને અનુભવનો વિષય છે. તો એમ થવાનું કારણ શું છે ? કે એ કરવું છે, એ કર્યા વગર ચાલશે નહિ. એ કર્યા વગર નહિ ચાલે એ તો કરવું જ છે. એમ અહીંયાં આ બાજુ આવ્યું છે ? આવું અનંતવાર કર્યું. આયુષ્ય પૂરું થયું એટલે કરતો કરતો ચાલ્યો જશે. પછી સોએ સો કામ અધૂરા રહી જશે. કોઈના પૂરા થતા જ નથી. આયુષ્ય એના ટાઇમે પૂરું થયા વગર રહેતું નથી. એમાં એક સમય વધારવાનો કોઈનો અધિકાર ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનો અધિકાર એમાં નથી. કોઈ શાશ્વત રહ્યું નથી, રહેવાનું નથી. નજરે દેખાય એવી સ્વીકારે કે ન સ્વીકારે પણ Hard fact છે એ તો. સ્વીકાર્યે જ છૂટકો છે.

હવે નક્કી એ કરવાનું છે કે તારે જો આમ ને આમ જ હજી સંસારમાં રખડવું હોય તો રખડ. એનો કોઈ ઉપાય નથી, એને કોઈ બચાવનાર નથી. જે બંધાવા ઇચ્છે છે એને કોઈ છોડાવનાર નથી અને જેને અંદરથી છૂટવું છે એને કોઈ બાંધનાર નથી. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો. આ સિદ્ધાંત છે. પોતાના પરિભ્રમણથી છૂટવું છે કે નહિ ? આ દુ:ખથી છૂટવું છે કે નહિ ? એટલો એને પોતાને અંતર ઢંઢોળીને નિર્ણય કરે તો ન સમજાય એવી કોઈ વાત છે નહિ. કારણ કે જેને કલ્યાણ ખરેખર કરવું છે એને આ બધી વાત છે. એના માટેની આ ચર્ચા છે. એને માટેનો આ વિષય છે. જેને અંદરથી એમ લાગતું હોય કે સ્પષ્ટ પ્રીતિથી હજી સંસાર કરવો જ છે તો 'શ્રીમદ્જી'એ કહ્યું, ૪૫૪ પત્રમાં આપણે વાંચ્યું કે એણે જ્ઞાનીપુરુષના વચન પણ સાંભળ્યા નથી. સાંભળ્યા હોય તોપણ. અને એણે જ્ઞાનીપુરુષના દર્શન પણ કર્યા નથી. દર્શન કર્યા હોય તો પણ. આ સ્પષ્ટ વાત છે. ત્યાં તારી હાજરી નહિ પુરાય. તું એમ માન કે હું હાજર થઈ જાવ છું સાંભળવા માટે અને દર્શન કરવા માટે પણ ત્યાં હાજરી નથી પુરાતી. ત્યાં ચોકડી મુકાય છે. Absent ની ચોકડી મુકાય છે કે આ ભાઈ ગેરહાજર છે. હાજર હોવા છતાં ગેરહાજર ગણાય છે.

મુમુક્ષુ :– પ્રીતિથી સંસાર ભોગવવો છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેમકે એને પ્રીતિથી સંસાર ભોગવવો છે. એટલે એને સંસારની સ્પષ્ટ પ્રીતિ છે. એક વાત એણે નક્કી કરી લેવા જેવું છે કે તારે સ્પષ્ટ પ્રીતિથી આત્મકલ્યાણ કરવું છે કે સ્પષ્ટ પ્રીતિથી સંસાર જોઈએ છે ? પછી રસ્તો પકડાશે. ત્યાં સુધી રસ્તો જુદો નહિ પડે. ગમે તે કર તો પણ સંસારનો જ રસ્તો છે ત્યાં સુધી. એવું નક્કી થયા પહેલા જે કાંઈ કરે તે બધો સંસારમાર્ગ છે, મોક્ષનો માર્ગ એક અંશે પણ નથી.

મુમુક્ષુ :– વિકલ્પો ખેંચી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પો મફતના ખેંચતા નથી. વિકલ્પનો જે વિષય છે એનું મહત્વ લાગે છે ત્યારે ખેંચી જાય છે. બરાબર છે ? કે તને તારા આત્મકલ્યાણનું મહત્વ નહિ. અને જેના વિકલ્પો ઊઠે છે એનું મહત્વ છે એનો અર્થ શું થાય છે ? કે તને લગની કાંઈક બીજી છે. લગની સંસારની છે, લગની આત્મકલ્યાણની નથી.

મુમુક્ષુ :– ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.

પૂજ્ય ભાઈશ્રી :– સમસ્ત આ સંસાર. 'શ્રીમદ્ રાજચંદ્રજી'ની ટંકોત્કીર્ણ વાત છે.

મુમુક્ષુ :– વિકલ્પો ઊઠે તો ખરો એને વાળી લેવાના.

પૂજ્ય ભાઈશ્રી :– એને ટેકો નહિ દે. આત્મ-જાગૃતિથી... મુમુક્ષુતાનું આ લક્ષણ છે આત્મજાગૃતિ એ મુમુક્ષુતાનું લક્ષણ છે. નહિતર જેને આત્મજાગૃતિ નથી અને વિકલ્પના પ્રવાહમાં તણાય જાય છે એ મુમુક્ષુ નથી. પછી ભલે નવરો પડે ત્યારે ઠવણી લઈને અને પુસ્તક લઈને બેસે. એ તો નવરો પડ્યો છે એટલે એ જાતના ઉદયમાં આવ્યો છે. એ જાતના ઉદયમાં આવ્યો છે. જેમ ઉદયના ઘરની દીક્ષા લે છે કે નહિ ? એ ઉદય છે એનો બીજું કાંઈ નથી. એ કાંઈ મોક્ષમાર્ગ નથી. એમ તને ઉદય છે એટલે પુસ્તક લઈને બેસે છો. એમ નથી. અંતરની જાગૃતિ હોવી જોઈએ.

**'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'** આ Guaranteed વાત છે. Guaranteed વાત છે અથવા સત્પુરુષોએ અનુભવેલી વાત અનુભવથી કહી છે. સત્પુરુષોએ પોતાના અનુભવની વાત અનુભવથી, અનુભવપદ્ધતિથી અહીંયાં મૂકી દીધી છે કે જેને **'ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'** તિર્યંચ સમ્યગ્દર્શન પામે છે, તું તો મનુષ્ય છો. કેમકે એને અંદરમાં લાગી છે કે મારે હવે મારા આત્મકલ્યાણ સિવાય બીજું કાંઈ કરવું જ નથી. થોડુંક આ પણ કરવું છે અને થોડુંક આ પણ કરવું છે. બે ઘોડાની સવારીમાં નીચે પડી જઈશ તું. એક ટાંગો એક ઘોડા ઉપર અને બીજો ટાંગો બીજા ઘોડા ઉપર અને પછી હવે રેસમાં ઘોડો મૂકી દીધો. સરખાયનો પડશે. બીજું કાંઈ નહિ થાય. એમ આ પણ કરવું છે અને આ પણ કરવું છે એમાં પડવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.

એમ એક વાત નક્કી કરી લે કે તારે ક્યા રસ્તે જાવું છે ? સંસાર છોડવો છે કે સંસાર રાખવો છે ? પહેલું નક્કી કર. પછી આગળ ચાલવાની વાત છે. નક્કી કર્યા વગર આગળ ચાલવાનો પ્રશ્ન નથી. નિર્ણય વગર કોઈ કાર્ય થઈ શકે નહિ. એટલે એમ કહે છે કે **'આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.'** ત્રણે કાળે ન બને, કોઈ કાળે ન બને એમ કહે છે. બને જ બને. એવું નથી કે પછી આત્મકલ્યાણ ન થવાનું હોય તો ? ન થવાનું હોય એ વાત જ છોડી દે તું. એ બનવાનું જ નથી. લગની લાગી છે એનો અર્થ જ એ છે કે હવે આત્મકલ્યાણ નજીક આવી ગયું છે. એ જીવ આસન્નભવ્ય છે.

પરંતુ **'આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ.'** પૂજ્ય બહેનશ્રીના વચનામૃતો એમની મહિલાની સભામાં એમનું જે શાસ્ત્ર સ્વાધ્યાય–વાંચન થતું હતું એમાંથી આ વીણેલા વચનામૃતો છે. આપણે તો બહેનોની સભામાં ઉપસ્થિત થવાનો પ્રસંગ નહોતો. કેમકે ત્યાં કોઈ પુરુષોને Allow કરતા નહોતા. પ્રતિબંધ હતો. એટલે આ તો પુસ્તકારૂઢ થયા એટલે એમના વચનો આપણને જાણવા મળ્યા, સમજવા મળ્યા, સામે આવ્યા. નહિતર કદાચ આ વાત એમ ને એમ રહી જાત. સમાજમાં બહાર ન આવત અથવા પુરુષવર્ગને ન મળત. જે બહેનો તે સભામાં જતા હતા એમને મળતું હતું. કેટલાક લખી લેતા હતા એટલે તો પુસ્તકમાં આવ્યા. પણ એ ઉપરથી, આ વચનો ઉપરથી એમ સમજાય છે કે જ્યારે જ્યારે 'પૂજ્ય બહેનશ્રી' મહિલાઓની સભામાં, ધર્મસભામાં પ્રવચન કરતા હશે ત્યારે એમનો આ વિષય ઉપર પ્રવચનનો ઝોક ઘણો છે. ભાવના–સ્વરૂપ પ્રાપ્તિની ભાવના, સ્વરૂપપ્રાપ્તિની લગની, એની તાલાવેલી એ વિષય ઉપર એમનું વજન ઘણું હતું. અને જે સાંભળનાર મુમુક્ષુજીવો હતા એને એ વિષયમાં એ દોરી જતા હતા. ભાર દઈને (કહેતા), આ વગર આગળ ચાલવાની કોઈ વાત રહેતી નથી. પહેલું પગથિયું આ છે. આ પગથિયે પગ મૂક્યા વિના બીજા પગથિયે પગ મૂકવાની વાત રહેતી નથી.

મુમુક્ષુ :– આજે શ્રુતપંચમીનો દિવસ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આજે શ્રુતપંચમી છે. શ્રુતપંચમી એટલે જે વર્તમાનમાં દ્રવ્યશ્રુત રહ્યું છે તે તાડપત્રમાં શાસ્ત્રારૂઢ થયું ત્યારે 'અંકલેશ્વર' પાસે આજે જેઠ સુદ ૫ દિવસે તે દ્રવ્યશ્રુતનો પૂજન કરવાનો ઉત્સવ ઊજવવામાં આવ્યો હતો. એનો મહિમા કરવામાં આવ્યો

હતો. ષટ્‌ખંડાગમ નામના પહેલા ગ્રંથો થયા. પુષ્પદંત અને ભૂતબલિ જેવા આચાર્યોને એ જ્ઞાન કંઠસ્થ હતું એ પુસ્તકારૂઢ કર્યું. અને એ ગ્રંથો તાડપત્ર ઉપર લખાયા પછી 'અંકલેશ્વર' પાસે એનો પહેલોવહેલો જેઠ સુદ ૫, આજથી બે હજાર વર્ષ પહેલા ઉત્સવ થયેલો. ત્યારથી જેઠ સુદ ૫ ને શ્રુતપંચમી તરીકે ઉજવવામાં આવે છે.

દ્રવ્યશ્રુત છે એ સ્વરૂપનો નિર્ણય કરવા માટે બાહ્ય નિમિત્ત છે. એટલે ૧૪૪ ગાથાની ટીકામાં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'સમયસાર'માં એમ કહે છે કે પ્રથમ તો શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. એ દ્રવ્યશ્રુતમાં શુદ્ધાત્મસ્વરૂપ કેવું છે એનું નિરૂપણ કર્યું છે. એની સાથે તું તારો નિર્ણય કરીને મેળવી લેજે કે આવો જ આત્મા જેવો દ્રવ્યશ્રુતમાં કહ્યો છે એવો જ આત્મા મને નિશ્ચયમાં, મારા જ્ઞાનમાં પ્રતિભાસિત થયો છે કે નહિ. એ એનું બાહ્ય નિમિત્ત છે.

આ એક એવો નિર્દોષતાનો માર્ગ છે કે ભલે ને જડ હોય પણ જો ઉપકારી થાય તો એને વંદન અને પૂજન કરવામાં આવે છે. દ્રવ્યશ્રુત તો જડ છે. પુસ્તક-પાના તો જડ છે. ચેતન નથી તોપણ તે વાણી સર્વજ્ઞ અનુસારીણી હોવાને લીધે, 'રાજમલજી' આ વાતને કહે છે, સર્વજ્ઞ અનુસારીણી વાણી હોવાને લીધે તે પણ વ્યવહારે વંદનને યોગ્ય છે અને પૂજનને યોગ્ય છે.

મુમુક્ષુ :– જિનવાણી માતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– જો જિનવાણી વંદન અને પૂજનને યોગ્ય છે એમાં ચેતનત્વ નહિ હોવા છતાં, તો જેમાં ચેતનપણું પ્રગટ થયું છે અથવા તો જે એક ન્યાયે જિન થયા છે. કરણલબ્ધિમાં આવ્યા ત્યારથી એ જિન થયા છે, એ તો વંદન અને પૂજનને યોગ્ય હોય એ કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. એટલે ધર્માત્માઓ બધા વંદન કરવા યોગ્ય છે અને પૂજવા યોગ્ય છે. એ વાત એમાં આવી જાય છે.

અહીંયાં કહે છે કે **'આત્માની ખરેખરી લગની...'** લાગવી જોઈએ. ખરી લગની લાગવી જોઈએ અને ખરી લગની લાગવાનું એ ચિહ્ન છે, લક્ષણ છે કે તેની પાછળ જીવ લાગી જાય છે. નથી કહેતા કે ભાઈ ! હવે આ પાછળ પડી ગયો છે. જે વાત એને મહત્વની લાગે ત્યાં પાછળ પડી જાય કે ન પડી જાય ? આ કર્યે જ છૂટકો છે અને કરવું જ છે. એટલું જરૂરી છે કે આપણે કર્યા વગર છોડવું નથી. બસ ! આટલી જરૂર છે. મારે મારું આત્મકલ્યાણ કર્યા વગર આ વાત છોડવી નથી એવી તીવ્રતા આવી જાય એટલે માર્ગ અંદરમાં થઈ જાય છે. અંતર્મુખ થવાનો માર્ગ હાથમાં આવી જાય છે. સહેજે હાથમાં આવી જાય છે એવા દ્રવ્યશ્રુત અને નિમિત્તો બહારમાં ઊભા જ છે. નિમિત્તો ગોતવા જવા પડતા નથી. સહેજે હોય જ છે. એની નજર જાય છે કે અરે..! મારે જે માર્ગ જોઈએ છે એને બતાવનારા આ છે. એમ પોતાને ખબર પડે છે. એનું નામ નિમિત્ત મળ્યું એમ કહેવામાં આવે છે. અને એવી ખબર ન પડે ત્યાં સુધી મળ્યું છતાં નહિ મળ્યું એમ કહેવામાં આવે છે. કે આને નિમિત્ત છે જ નહિ. કેમકે નૈમિત્તિકભાવ એને ઊપજ્યો નથી.

**'આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ.'** શું કહે છે ? રાત્રિ-દિવસ–અહોરાત્ર. આ તો થોડુંક બીજું કામ આવી પડે ત્યારે એમાં એવો એકાકાર થઈ જાય, સાધારણ વાત હોય તો પણ એકાકાર થઈ જાય. પછી પાછો શાસ્ત્રની અને તત્ત્વની વાત કરે ત્યારે વળી સંભારે આત્માને, એવું ન ચાલે.

મુમુક્ષુ :– ઊંઘમાં પણ પ્રયત્ન ચાલે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઊંઘમાં પણ ચાલે. આ ઊંઘમાં સપના આવે છે કે નહિ ભાવના ? જેની પાછળ લાગી પડે છે એને ઊંઘમાં સપના એના આવે છે કે નથી આવતા ? એક રટણ ચાલતું હોય. ઊંઘમાં પણ પરિણતિ તો ચાલે છે. એ જ ચાલે. જેને જે જોઈએ છે અને જે પાછળ પડી જાય એને ઊંઘમાં પણ એ જ ચાલે અને જાગતા પણ એ જ ચાલે. એ એની વાસ્તવિક્તા છે. આ તો એવી ચીજ છે કે જેની કોઈ કીંમત ન થાય એવી ચીજ છે. જેની કીંમત થાય એવી ચીજમાં પણ એવું જ થાય છે તો જેની કીંમત ન થાય એવી ચીજ હોય એમાં એવું ન થાય તો બીજું શું થાય એ તો કહો ? જેની કાંઈક લૌકિક રીતે આબરૂ છે, કીંમત

છે, રૂપિયા-આના-પાઈમાં, બીજી રીતે, ત્રીજી રીતે એમાં પણ માણસના, જીવના પરિણામ એવા થઈ જાય છે કે આખેઆખો અંદર વોહરાઈ જાય છે અને ડૂબી જાય છે, તો પછી જેની કીંમત ન થઈ શકે એવી જે ચીજ છે આ તો. એ જો ખરેખર એની કીંમત ભાસે કે આ તો આની કીંમત જ કોઈ રીતે ન થઈ શકે એવી મહાન વસ્તુ છે. તો એની પાછળ એવા જ પરિણામ ઉત્પન્ન થાય, બીજી રીતના થાય જ નહિ. એ જીવનો સ્વભાવ જ છે. જ્યાં સુધી એવું થતું નથી ત્યાં સુધી એને ખરેખર આ વાત જાણી નથી, સાંભળી નથી, વિચારી નથી અથવા એને કાંઈ ખબર નથી એમ લઈ લ્યો.

મુમુક્ષુ :– ભાવમાં ભાસન થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવમાં ભાસન થતું નથી માટે એની કીંમત આવતી નથી. ભાસે તો આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :– વૈરાગ્ય આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– આવી જ જાય વૈરાગ્ય. બધેથી વૈરાગ્ય આવી જાય. આ એક જ કરવું હોય તો પછી બીજેથી ખસી જ જાય ને ? બે બાજું તો પગ રહે એવું છે જ નહિ. સંસારના કાર્યોમાં રચ્યો-પચ્યો છે તો મોક્ષમાર્ગ પ્રત્યે વિરક્ત છે. એ વૈરાગી જ છે, પણ ઊંધો વૈરાગી છે. અને પોતાનો મોક્ષ સાધવા માટે જેને તાલાવેલી લાગી છે એને ક્યાંય રસ પડવાનો જ નથી. એને રસ આવે જ નહિ. લાવવો હોય તો પણ ન આવે એમ વાત છે.

એ હળુકર્મી જીવનું, પાત્રતાવાળા જીવનું એક લક્ષણ લીધું કે એને ચાલતા જે કોઈ ઉદયમાન પરિણામો છે એમાં એને દુઃખ લાગે છે. વિકલ્પમાં દુઃખ લાગે છે એને. દુઃખ લાગે એમાં વૈરાગ્ય ન આવે તો બીજું શું આવે એને ? જેમાં દુઃખ લાગે એમાં શું થાય ? વિરક્તતા થાય. તો જેને દુઃખ લાગે છે, વિકલ્પમાં જેને દુઃખ લાગે છે, સર્વ વિકલ્પમાં, હોં ! શુભ-અશુભ બધા વિકલ્પમાં, એને વિકલ્પનો મોહ નહિ રહે. વિકલ્પના મોહે વિકલ્પ ટક્યો છે. જેને વિકલ્પમાં દુઃખ લાગે છે એને વિકલ્પનો વ્યામોહ રહેતો નથી. એનો વિકલ્પ તૂટી જશે. એ નિર્વિકલ્પ થઈ જશે. નિયમથી વાત છે.

એટલે આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. જુઓ ! સત્પુરુષના વચનો હંમેશા પુરુષાર્થને જગાડનારા હોય છે, પુરુષાર્થને જાગૃત કરનારા હોય છે. આ એક સત્પુરુષના વચનોનું લક્ષણ છે, ચિહ્ન છે કે આત્માને સતત જાગૃત કરનારા હોય છે, અંદર પુરુષાર્થની પ્રેરણા કરનારા હોય છે.

કેવી લગની હોય એનું બે વચનની અંદર અવતરણ ચિહ્નમાં બે વચન લીધા છે કે કેવી લગની લાગે ? કે **'મારું હિત કેમ થાય ?'** સતત આ વિષયની જાગૃતિ. **'મારું હિત કેમ થાય ?'** અને **'હું આત્માને કઈ રીતે જાણું ?'** ઓળખું ? મારા સ્વરૂપને હું ઓળખું કેવી રીતે ? અનુભવું કેવી રીતે ? અને એ રીતે મારું હિત કેમ થાય ? એ લગનીનો વિષય છે **'એમ લગની વધારીને...'** એમ. લગની કેવી ? આવી લગની. લગની એટલે શું ? એને વિકલ્પમાં અને વચનમાં બે વાત મૂકી દીધી છે કે આ લગનીનો વિષય છે, આ લગનીનો પ્રકાર છે.

**'એમ લગની વધારીને...'** એટલે ઉત્તરોત્તર વૃદ્ધિગત કરીને **'પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.'** એમ. અવશ્ય હાથમાં આવે. ન આવે એ પ્રશ્ન જ નથી એમ કહે છે. જો ખરેખર લગની લાગે તો માર્ગ મળ્યા વિના રહે નહિ અને આવી લગની લાગ્યા વિના માર્ગ મળે એમ કોઈ દિવસ બને નહિ. બન્ને વાત સામે સામે પ્રતિપક્ષમાં છે કે આવી લગની લાગે તો માર્ગ મળ્યા વિના રહે નહિ અને આવી લગની ન લાગે તો કોઈ દિ' માર્ગ હાથ આવે નહિ, આવે જ નહિ - આ પણ નિશ્ચિત વાત છે. હવે જીવને પોતાને પસંદગી કરી લેવાની છે કે માર્ગ જોઈએ છે ? માર્ગ પ્રાપ્ત કરવો છે કે નહિ ? આ એક પસંદગીનો વિષય છે. જેની જેવી યોગ્યતા એને એ પસંદ કરશે. આપણે તો પોતાનું વિચારવાનું છે કે હે જીવ ! તારે શું કરવું છે ? તને આ પસંદ છે તો ચાલ્યો આવ, રસ્તો ખુલ્લો છે, માર્ગ હજી ખુલ્લો છે. એક પરમ સૌભાગ્યની વાત છે કે મોક્ષમાર્ગ આ કાળમાં પણ અખંડ જળવાયેલો રહ્યો છે. આ કાળે અખંડ મોક્ષમાર્ગ (વિદ્યમાન રહ્યો છે).

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૯ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૬-૦૮-૧૯૯૧

**ૐ શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી....ધર્મસ્નેહ !**

**"આપકા પત્ર પહલે ભી મિલા થા વ શશીભાઈકા એક ઔર ભી. આપને લિખા થા કિ અબ નિવૃત્તિ કાલ પકા, યહ પઢકર બિજલીકે વેગકી તરહ આનંદકી લહર આયી થી;..."** જુઓ ! નિવૃત્તિ માટે કેટલા ઝંખે છે ! જ્ઞાની થયાં પછી પણ નિવૃત્તિ માટે કેટલાં ઝંખે છે !! તમારો નિવૃત્તિનો કાળ પાક્યો એટલી વાત લખી (ત્યાં) વિજળીનો કરંટ લાગ્યો હોય એવી (રીતે) આનંદની લહેર આવી. જેને નિવૃત્તિ છે એને કિંમત નથી અથવા ટાઈમ પસાર કરવા માટે સમય વેડફે. અને આવાં જ્ઞાનીઓને પૂર્વ કર્મના ઉદયને લઈને નિવૃત્તિ નથી, તો વાત સાંભળે, એને નિવૃત્તિની કોઈ વાત કહે તો પણ હરખ થઈ જાય. (પત્રમાં) લખ્યું કે, હવે તમારો નિવૃત્તિનો કાળ પાક્યો. તો બહુ સારું લાગ્યું એમને. **"કારણ પૂર્વે નિવૃત્તિ હી વિકલ્પરૂપસે નિશ્ચયે ભજી થી, ઐસા પૂરા પ્રતીતિમેં આતા હૈ."** નિવૃત્તિને બહુ ભજી હતી એટલે નિવૃત્તિની બહુ ઝંખના કરી હતી. પોતે નિવૃત્તિ માટે (અને) પ્રવૃત્તિ છોડવાં માટે ઘણા આતુર છે. (પ્રવૃત્તિમાં) રસ નથી, કંટાળો આવે છે. એટલે હવે નિવૃત્તિ આવશે એમ તમે કહ્યું, તમારો નિવૃત્તિનો કાળ હવે પાક્યો લાગે છે, (એમ લખ્યું) તો બહુ સારું લાગ્યું.

(આગળ લખે છે), **"અબ તો શ્રી ગુરુદેવકી કૃપાસે ન નિવૃત્ત હૂં, ન પ્રવૃત્ત હૂં..."** અત્યારે તો ગુરુદેવની કૃપાથી એવી પરિણતિ અંદર કામ કરે છે કે, નિવૃત્તિ પણ નથી અને પ્રવૃત્તિ પણ નથી. કાંઈક બીજી જ રીતે (ચાલે છે). **"અબ તો શ્રી ગુરુદેવકી કૃપાસે ન નિવૃત્ત હૂં, ન પ્રવૃત્ત હૂં, ઐસા નિશ્ચય હો ચુકા હૈ વ પૂર્વકે નિવૃત્તપરિણામોંને અતઃ અબ નિશ્ચયકે બજાય વ્યવહારકા પદ લે રખા હૈ."** (અર્થાત્) એ વ્યવહારની નિવૃત્તિ એ



તો વ્યવહારમાં જાય છે, નિશ્ચયની જગ્યાએ એ વ્યવહારના સ્થાને છે. નિવૃત્તિના વિકલ્પો પણ વ્યવહારના સ્થાનમાં છે.

મુમુક્ષુ :- આ કંઈ સમજાયું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું કહે છે કે, ગુરુદેવની કૃપાથી અંતરમાં બેસી ગયા પછી પ્રવૃત્તિ-નિવૃત્તિની કોઈ અપેક્ષા નથી. એટલે નથી નિવૃત્તિ (કે) નથી પ્રવૃત્તિ. હું તો મારા આત્મામાં છું. પ્રવૃત્તિ-નિવૃત્તિની કોઈ અપેક્ષા (નથી). કારણકે પ્રવૃત્તિ અશુભ છે અને નિવૃત્તિ શુભ છે (અને) હું (તો) શુભા-શુભથી પાર ગયો છું. એટલે મને નિવૃત્તિ-પ્રવૃત્તિની કોઈ અપેક્ષા નથી. એવી (જ) કોઈ ગુરુદેવની કૃપાથી મારી દશા થઈ ગઈ છે, એમ કહેવું છે. એવી મારી દશા થઈ ગઈ છે.

મુમુક્ષુ :- પરિણમનને જોતાં નથી, ફક્ત ધ્રુવ સ્વભાવને જ જુએ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ સ્વભાવને જુએ છે અને ધ્રુવ (સ્વભાવમાં) બેસી ગયા છે. એટલે બહારના શુભા-શુભની પ્રવૃત્તિ છે એ શુદ્ધ પરિણતિથી તો આખી જુદી જ છે. એટલે એનાથી અપેક્ષા વિનાની પરિણતિ છે. શુદ્ધ પરિણતિ શુભા-શુભથી નિરપેક્ષ છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભિન્ન પડી ગયા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભિન્ન પડી ગયા છે. પ્રવૃત્તિ-નિવૃત્તિની મુખ્યતા રહેતી નથી. જ્યાં શુદ્ધતામાં આવી ગયા (ત્યાં) બહારની શુભા-શુભ પ્રવૃત્તિ-નિવૃત્તિની અપેક્ષા રહેતી નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- પૂર્વે જે નિવૃત્તિ ભાવી હતી તે આને

માટે ભાવી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- આને માટે જ ભાવી હતી. એટલે હવે તો આ નિશ્ચય મળી ગયો. પહેલા એક નિશ્ચય કર્યો હતો કે, નિવૃત્તિ લેવી છે અને નિવૃત્તિ સુધી પહોંચવું છે. (પણ) હવે તો એવા પદમાં આવી ગયો છું કે, એ નિશ્ચય હવે વ્યવહારમાં જાય છે, નિશ્ચયમાં રહેતો નથી, એમ કહેવું છે. ઐસા નિશ્ચય હો ચુકા હૈ કિ, હવે હું પ્રવૃત્ત કે નિવૃત્ત નથી. તેમજ, 'વ' એટલે તેમજ. **''...પૂર્વકે નિવૃત્તપરિણામોંને અતઃ અબ નિશ્ચયકે બજાય વ્યવહારકા પદ લે રખા હૈ.''** (એટલે કે પહેલા) જે નિવૃત્તિ બાજુના પરિણામ હતા કે, ચાલો હવે પંદર દિવસ નિવૃત્તિ લઈને સોનગઢ જઈએ. એ હવે વ્યવહારમાં જાય છે. એ (પરિણામ) હવે વ્યવહારના સ્થાનમાં આવી ગયા છે.

**''સમય લગભગ ૨૦ દિન પહલે આયા ભી થા, બંબઈ તક જાના ભી હુઆ થા, સોનગઢ પહુંચનેકે વિકલ્પ ભી અધિક હુએ થે મગર ઇધર હી લૌટના પડા, ઐસે કારણ હો ગયે થે. અબ દશહરે કે બાદ ઉધર આના હો સકેગા.''** વીસ દિવસ પહેલા ઘણું કરીને ઑગસ્ટની અંદર આવવાનો વિચાર થઈ ગયો હશે, મુંબઈ સુધી કોઈ કામે આવ્યા હશે. (પરંતુ) વળી પાછું કારણસર ત્યાંથી કલકત્તા પાછું જાવું પડ્યું એટલે હવે દશેરા પછી આવવાનો વિચાર રાખ્યો છે. લગભગ એ એમજ આવતાં હતાં. કાં આવે દસલક્ષણી પર્યુષણમાં કાં પછી આસો (મહિનામાં) આવે.

**''આપ લોગ સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ ગુરુદેવકે સાન્નિધ્યમેં દસલક્ષણી પર્વકે અવસર પર અતિ ઉત્સાહપૂર્વક ધર્મલાભ લેંગે, મુઝ જૈસે પુણ્યહીનકો યહ લાભ કહાં ?....''** તમને તો દસલક્ષણીપર્વમાં ગુરુદેવનું સાન્નિધ્ય મળશે, હું તો હીનપુણ્ય છું, મને એવો લાભ ક્યાંથી મળે ? કે, દસલક્ષણીપર્વમાં હું ત્યાં આવું ! એમ કહે છે.

**''અધિક ક્યા લિખૂં ? વિકલ્પોંકો તો ધધકતી હુઈ ભટ્ઠીકે યોગોંકા નિમિત્ત હૈ...''** વિકલ્પનું નિમિત્ત તો આ બધાં સંયોગો છે અને એ સંયોગો તો મારા માટે ધકધકતી ભટ્ઠી છે !! એવો દાઝું છું ! એવો એની અંદર બળુ છું !! આ યોગ છે, કાર્યોનો બધો જે યોગ છે એ બધું મારા માટે ધકધકતી ભટ્ઠી છે. **''...વ ઇસ મધ્યે હી રહના હો રહા હૈ,...''** અને અત્યારે તો એ ભટ્ઠીમાં પડ્યા છીએ. અહીંયા જ રહેવું પડે છે. **''...જબકિ ચૈતન્યમૂર્તિ વિકલ્પોંકો છૂનેવાલી ભી નહીં હૈ;...''** આ એક (વાત) જબરજસ્ત કામ કરે છે !! કે, જ્યારે વિકલ્પોની અંદર ધકધકતી ભટ્ઠી જેવો અનુભવ થાય છે ત્યારે એ જ વખતે ચૈતન્યમૂર્તિ મારું જે પદ છે (એ) વિકલ્પને અડતું નથી. સંયોગોને તો ક્યાંથી અડે !! વિકલ્પને પણ અડતું નથી. મારું સ્થાન તો વિકલ્પથી પાર છે. **''...જબકિ ચૈતન્યમૂર્તિ વિકલ્પોંકો છૂનેવાલી ભી નહીં હૈ; અધૂરી દશાકે વિકલ્પાંશોંમેં...''** એ તો અધૂરી દશાને કારણે વિકલ્પો છે ને ! **''અધૂરી દશાકે વિકલ્પાંશોંમેં...''** (અર્થાત્) એ વખતે પણ. જુઓ ! આ જ્ઞાનદશા છે. બહુ વિચક્ષણતાથી આ વચન નીકળ્યું છે ! આ એમની જ્ઞાનદશાની સાક્ષી પૂરે એવું એક વચન છે, સાબિત કરી દે એવું (વચન છે). **''અધૂરી દશાકે વિકલ્પાંશોંમેં...''** એટલે અધૂરી દશાને કારણે વિકલ્પના જે અંશો ઉત્પન્ન થયા છે એ વખતે પણ. **''...શ્રદ્ધામેં જમી હુઈ ઇસ મૂર્તિકા...''** એ જ વખતે મારી શ્રદ્ધામાં આ ચૈતન્યમૂર્તિ જામી ગયેલી છે. **''....ઇસ મૂર્તિકા એકરસ આલિંગન કહાં !''** (અર્થાત્) વિકલ્પોમાં એનું આલિંગન ક્યાં (છે) ! શ્રદ્ધામાં જે આલિંગન છે એ વિકલ્પમાં આલિંગન ક્યાં છે, (એમ કહે છે). એક જ સમયની દશામાં બે ઉલટી-સુલટી પરિસ્થિતિ છે. વિકલ્પાંશને ધકધકતી ભટ્ઠી સાથે સંબંધ છે (અને) એ જ વખતે ચૈતન્યમૂર્તિ તો વિકલ્પને (પણ) અડતી નથી કે જે શ્રદ્ધામાં જામી ગઈ છે. એવું જે શ્રદ્ધાને આલિંગન છે એવું આલિંગન વિકલ્પમાં ક્યાં છે ! ચૈતન્યમૂર્તિને વિકલ્પનું આલિંગન નથી. એ ક્યાંથી હોય એને ?

**''ચૈતન્યમૂર્તિકે એક રસમેં ઓતપ્રોત રહેં, યહ હી ભાવના.''** માટે હવે તો બધી રીતે એક ચૈતન્યમૂર્તિના

રસમાં ઓતપ્રોત થઈ જાઓ ! એવી ભાવના છે. આ (વિકલ્પની) ભઠ્ઠી બંધ થઈ જાય એવી ભાવના છે. ભઠ્ઠીમાં રહેવું ગમતું નથી.

મુમુક્ષુ :- વિકલ્પોથી ભિન્નતા પણ અનુભવાય છે તો દુઃખ કેવી રીતે ભાસે ?

પૂજ્ય ભાઈશ્રી :- કેમ એ કાંઈ ચૈતન્યની પર્યાય નથી ? આમ તો મુખ્યપણે સુખ ભાસે છે, ગૌણપણે દુઃખ છે. દુઃખ અને સુખ બન્ને છે, પણ મુખ્ય સુખ છે અને ગૌણ છે એ દુઃખ છે. પણ એ ગૌણપણે (જે) થોડું દુઃખ છે, એ પણ પોસાતું નથી, એમ કહેવું છે. એનું પોસાણ નથી. અંદરમાં પૂર્ણ સુખ છે અને બહારમાં પણ પૂર્ણતામાં જ જાવું છે.

મુમુક્ષુ :- અધૂરું મળે એ કેમ પોસાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અધૂરું ન પોસાય. અધૂરું પોસાય નહિ. મુનિને નથી પોસાતું ને ! (તો) ગૃહસ્થને ક્યાંથી પોસાય ? ધ્યેય તો બન્નેનું એક જ છે, આશ્રય તો બન્નેનો એક જ છે. ખરેખર તો એમ (વાત) છે.

મુમુક્ષુ :- આમ જોવા જઈએ તો ત્યાં અધૂરાપણાનું દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અધૂરાપણાનું જ દુઃખ છે ને ! જેટલો વિકલ્પ છે એટલી આકુળતા ઉત્પન્ન થાય છે અને એ પોતાની પર્યાય હોવાથી દુઃખનો અનુભવ પણ થાય છે, પણ એ ગૌણ છે. પણ (દુઃખ) થોડું છે, દોષ થોડો છે. દોષ થોડો હોવાથી દુઃખ થોડું છે. પણ એ ઝાઝું લાગે છે, ઘણું લાગે (છે). જેમકે એક માણસને ઘણી અનુકૂળતા હોય એને થોડી અગવડ પણ મોટી લાગે. એને થોડી અગવડ પણ ઘણી લાગે. જેમકે ઘણાને સુવાની આદત (એવી) હોય, એ એમ નથી કહેતા ? કે, મને તો મારો રૂમ, મારો પલંગ, મારું ઘર જ ફાવે. કો'કના ઘરે જવું પડે (અને) સુવાનું થાય તો મને તો પછી ઊંઘ ન આવે. હવે, પથારી તો પથારી છે, ઊંઘી ગયા પછી હેઠે સુતો છે કે ઉપર સુતો છે, એ કાંઈ ખબર નથી (રહેતી). ભોંય (ઉપર) સુતેલાને ખબર નથી કે હું નીચે સુતો છે અને પલંગ ઉપર સુતેલાને ખબર નથી કે હું પલંગ ઉપર સુતો છું. પણ માનસિક પરિસ્થિતિ એવી થઈ જાય છે કે, મને ન ફાવે. હવે, એ તો સામાન્ય અગવડ છે. (તો પણ એમ થઈ જાય છે કે) મને ન ફાવે. એમ આ અનંત સુખનું ધામ જોવે છે અને નિરાકુળ સુખમાં આવ્યા છે એને થોડું દુઃખ પણ પાલવતું નથી. એમણે એક જગ્યાએ લીધું કે, દેવાદિ પ્રત્યે ઉપયોગ જાય તો પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે. દેવ, શાસ્ત્ર, ગુરુ પ્રત્યે (ઉપયોગ જાય) એ તો શુભભાવ છે અને શુભભાવમાં તો મંદ કષાય છે. હવે, મંદ કષાયની અંદર ભઠ્ઠી જેવું દુઃખ કેમ લાગે ? એટલે તો વિવાદ ચાલ્યો. એના ઉપરથી તો પ્રશ્ન ઉપસ્થિત થયો (કે) એમ કેમ કહે છે ? (આ તો) આત્માની શાંતિ (જેણે) જોઈ હોય એની વાત છે. કોની વાત છે આ ? આત્માની શાંતિ જોઈ હોય એને ખબર પડે કે, વિકલ્પ બહાર નીકળે ત્યારે ભઠ્ઠી જેવું દુઃખ લાગે. એવી વાત છે. ગુરુદેવે એ ન્યાય કાઢ્યો છે. (ગુરુદેવ) એમ બોલ્યાં હતાં કે, આત્માની શાંતિ જોઈ નથી. નહિતર આ પ્રશ્ન ન થાય. એનો અર્થ કે આમણે (સોગાનીજીએ) આત્માની શાંતિ જોઈ છે, માટે આ એમને ખ્યાલ છે. જે કીધું છે એ બરાબર છે. આત્માની શાંતિ જોઈને સરખામણી (કરીને) વાત કરી છે. આત્માની શાંતિ સાથે સરખાવીને કઈ વાત, કઈ જગ્યાની, ક્યા પદની, ક્યા સ્થાનની, કેવી રીતે વાત ચાલે છે, એ સામાને ખબર નથી, એમ કહેવું છે. કેમકે એ અજાણ્યા છે, એ માર્ગથી એ અજાણ્યા છે. એમ સાબિત થઈ ગયુ હતું.

મુમુક્ષુ :- જ્યારે દેવાદિક પ્રત્યેના શુભરાગમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ છે તો જેને અશુભમાં પણ દુઃખ ન લાગતું હોય તો જ્ઞાન કેટલું મૂંઢાયેલું છે !

પૂજ્ય ભાઈશ્રી :- અશુભમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ ન લાગે તો પછી એ જ્ઞાન કેટલું મૂંઢાઈ ગયું હશે !! કે, ઘણું મૂંઢાઈ ગયું છે.

મુમુક્ષુ :- આટલું બધું મૂંઢાઈ ગયું હોય તો કામ થવામાં પણ ઘણી વાર લાગે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહીને શું કહેવું છે ?

વાર પણ ઘણી લાગે એમ કહેવા પાછળ શું અભિપ્રાય છે એ કહો ? આપણે પછી (એનું) નિરાકરણ કરીએ.

મુમુક્ષુ :- આપણે આપણું કામ ઝડપથી કરીએ.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ શકે છે, આત્મામાં એવી શક્તિ છે કે ગમે ત્યારે બહુ મોટો પલટો મારી શકે છે. સાતમી નરકવાળો ત્યાં પલટો મારી ગયો કે નહીં ? (નહિતર એ તો) અનિષ્ટ પરિણામ કરીને ગયો હતો, એ વાત તો સાબિત થાય છે. એ વાત સાબિત કરવાની જરૂર નથી. (તો પણ એ) પલટો કેમ મારી ગયો ? (એ એમ બતાવે છે કે) ગમે ત્યારે જીવ જબરજસ્ત પલટો મારી શકે છે.

મુમુક્ષુ :- ગમે તેટલું આવરણ આવી ગયું હોય તો પણ જોરથી કામ ઉપાડે તો થઈ શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે સોગાનીજીનો દૃષ્ટાંત લઈએ. એમણે ગુરુદેવને એટલા સાંભળ્યા નહોતા અને ગુરુદેવનો એમણે એટલો પરિચય નહોતો કર્યો. અને એ પહેલાથી સાંભળનારા તો ઘણાં હતાં. ગુરુદેવ ૧૯૯૧થી ત્યાં નિવાસ કરતાં હતાં. એટલે વીસ વર્ષથી તો (ત્યાં) સાંભળનારા હતાં. તો પછી આ લોકોને વાર લાગી અને આમને વાર ન લાગી, એ શું બતાવે છે ? કે (કામ થવામાં) વાર ન લાગે. એ શું બતાવે છે ? કે આટલી વાર લાગવી જોઈએ એવો કાળક્રમનો નિયમ અહીંયા લાગુ પડતો નથી.

એને જ્યારે જ્ઞાની એમ કહે છે કે, વિકલ્પમાં દુઃખ છે, તો વિકલ્પના અનુભવને કાં તપાસતો નથી ? ચાલતા વિકલ્પના અનુભવને જીવ કાં તપાસતો નથી ? ત્યાં છે એ વાત નક્કી છે, દુઃખ છે એ વાત નક્કી છે અને જોવાં માગે અને ન દેખાય, એવું તો કાંઈ છે નહિ. પોતે જોવાં માગે તો ન દેખાય, એવી પરિસ્થિતિ છે નહિ. અજ્ઞાનદશામાં પણ વિકલ્પમાં દુઃખ લાગે છે, દેખાય છે, અનુભવાય છે. એટલે એવું નથી કે, જ્ઞાની થાય ત્યારે દેખાય. એવું નથી કે જ્ઞાની થાય ત્યારે જ દેખાય. મુમુક્ષુની ભૂમિકામાં પણ એને દુઃખ લાગે. તો (દુઃખ) નથી લાગતું એનો અર્થ એ છે કે, એ પોતે જોવાં માટેની તસ્દી લેતો નથી. એમ એનો અર્થ છે. એ પોતે જોવાં માટે તસ્દી લેતો નથી.

પરમાગમસારમાં ગુરુદેવનું એના ઉપર એક વચનામૃત છે. ત્યાં તો જરાક કડક વાત પણ કરી છે. દુઃખ લાગે તો ખસવાનો સહજ પ્રયત્ન થયા વિના રહે નહિ. કેમ આ વિકલ્પ મટતો નથી ? કે એને ત્યાંથી ખસવા માટેનું જે દુઃખ લાગવું જોઈએ તે લાગતું નથી. પછી વિકલ્પ છૂટે કેવી રીતે ? દુઃખ લાગે તો છૂટવાનો પ્રયત્ન થાય અને છૂટવાનો પ્રયત્ન થાય તો છૂટે. જુઓ ! (પરમાગમસારમાં બોલ - ૮૮માં શું કહે છે ?) **'સમ્યક્દૃષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે તે તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે.'** એ નરકમાં જાય તો પણ 'અંતર સુખરસ ગટાગટી' (એમ કહે) એ દૃષ્ટિની પ્રધાનતાથી વાત છે. કેમકે દૃષ્ટિ તો અનંત સુખના ધામ સિવાય કોઈને સ્વીકારતી નથી. **''પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે.''** જે આનંદ પ્રગટ્યો છે, સુખ પ્રગટ્યું છે, એને જ્ઞાન જાણે છે, અનુભવે છે. **''અને જેટલો રાગ છે;...''** સાધકદશા છે એટલે પૂર્ણ વીતરાગતા નથી, **''જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે, તેને જાણે છે. પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે.''** શું કીધું ? એની ધારણાજ્ઞાનમાં (પણ) ભૂલ છે. ધારણામાં એમ આવવું જોઈએ કે, વિકલ્પ છે એ દુઃખરૂપ છે. એ ધારણામાં હોવું જોઈએ.

મુમુક્ષુ :- આમ તો ધારણાજ્ઞાન છે એ અનુભવજ્ઞાન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે અનુભવ(જ્ઞાન) નથી. પણ પહેલાં ધારણામાં આવશે તો અનુભવમાં આવશે ને ? ધારણામાં ઊંધું હોય અને અનુભવમાં ઊંધું આવે (ખરું) ? ધારણામાં એમ હોય કે આ વિકલ્પમાં મને સુખ લાગ્યું, એને અનુભવમાં કોઈ દિવસ દુઃખ લાગે ? એ બની જ નહિ શકે. એની તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે, એમ કહે છે.

**''સમ્યક્દૃષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી,**

**તેમ કહ્યું છે. પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ.''** મુક્તદશા હોવી જોઈએ. પણ એવું નથી જેટલો આસ્રવ છે એટલું દુઃખ છે. ધારણાજ્ઞાનમાં ભૂલ (છે એ) એટલા માટે કહે છે કે, કોઈ એમ વિચારે છે કે, કોઈને વિકલ્પમાં દુઃખ લાગે અને કોઈને ન પણ લાગે. કોઈને– સોગાનીજી જેવાને લાગતું હશે, કોઈને ન પણ લાગે, અને એમને એમ પણ જ્ઞાની થઈ જાય. એવું કોઈ દિવસ બનતું નથી. એની ધારણા પણ ખોટી છે, એમ કહેવું છે.

આમાં શું છે, અવલોકન વગર જાતિની પરખ ન આવે. અને અવલોકન હોય તો એ અવલોકન એટલું સૂક્ષ્મ અને બારીક થાય છે કે, આત્માના સ્વરૂપનો એક સૂક્ષ્મ વિકલ્પ ઊઠે તો પણ એને તરત અશાંતિનો ખ્યાલ આવે (કે), આમાં ઉપાધિ છે, આમાં બોજો છે, પરિણામ ઉપર બોજો છે, ઉપાધિ છે, અશાંતિ છે, દુઃખ છે અને આ જાત વિકારની છે. ભલે સ્વરૂપનો વિકલ્પ છે પણ જાત વિકારની છે. (આમ) જાત ઓળખ્યા વગર ખબર ન પડે, નહિતો બીજા તો ભ્રાંતિ પામે જ છે. એને આત્મધ્યાન માની લ્યે છે. એકાગ્રતાની સાથે આત્માનું થોડું ચિંતવન ચાલે તો (એમ) કહે કે, અમને આત્માનું ધ્યાન થઈ ગયું ! કારણકે એની જાતની ખબર નથી કે, આ સ્વભાવજાતિના પરિણામ છે કે વિભાવજાતિના પરિણામ છે ? એને ખબર જ નથી.

મુમુક્ષુ :- કોઈ વિકલ્પ સુહાય છે અને કોઈ વિકલ્પમાં દુઃખ લાગે છે, એનો અર્થ કે જાતિ નથી ઓળખી ?

સમાધાન :- (હા), જાતિ ઓળખી નથી. જાતિ ઓળખી નથી, એટલે વેશપલટો થઈને (વિકલ્પ) આવે છે એટલે ભૂલો પડી જાય છે. એમ (થાય) છે. જાતિ ઓળખે તો ભૂલો ન પડે.

મુમુક્ષુ :- હવે પ્રશ્ન એ નથી કે દુઃખ લાગવું જોઈએ કે નહિ, પણ પ્રશ્ન એ છે કે અવલોકન કરે છે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન કરે તો દુઃખ લાગ્યા વગર રહે જ નહિ, દુઃખ, દુઃખ જ લાગે. કારણકે અવલોકન (એટલે) અનુભવને અનુભવમાં લેવો - જે અનુભવ હોય તેને અનુભવમાં લેવો તેનું નામ અવલોકન છે. અવલોકનનું બીજું નામ અનુભવપદ્ધતિ છે. પોતાના અનુભવ ઉપર ઉપયોગને મૂકવાથી જે ચાલતો અનુભવ હોય તે બરાબર અનુભવાય છે. ઉપયોગ અનુભવ ઉપર ચાલ્યો જાય છે. અનુભવ ઉપર ઉપયોગ જાય એટલે જે અનુભવમાં હોય એ જણાય. સીધી વાત છે. પણ ઉપયોગ અનુભવ ઉપર મૂકતો નથી. એમ (વાત) છે. ગડબડ એ છે.

મુમુક્ષુ :- દુઃખ લાગતું નથી, લાગતું નથી એમ કરે છે, દુઃખ લાગશે ત્યારે વાત એમ નહિ હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- (દુઃખ) લાગતું નથી અને લાગશે ત્યારે વાત, એનો અર્થ કે, અત્યારે તો મને કાંઈ ચિંતા નથી. ભલે નુકસાન થાય. પણ જીવને નુકસાનની ખબર હોય તો નુકસાન સહન કરે એવો છે જ નહિ. એક દૃષ્ટાંત લઈએ છીએ કે, ઘરે પાણીના ગોળાને કાણું પડ્યું હોય કે તિરાડ પડી હોય અને પાણી ચાલ્યું જાય છે, એમ ખબર પડી કે, હમણાં ગોળો ભર્યો હતો (અને) આ અડધો ક્યાંથી થઈ ગયો ? પાણી તો કોઈએ પીધું નથી. હજી પાંચ મિનિટ પહેલા ગોળો ભર્યો ને આ અડધો કેમ થઈ ગયો ? ક્યાંકથી પાણી જાય છે. પાણીયારામાં પાણી હોય એટલે બીજો ખ્યાલ આવે નહિ, પણ ગોળો અડધો થઈ ગયો એ ખબર પડી કે ન પડી ? એટલે પછી તરત બારીકાઈથી જોવે. બારીકાઈથી જોવે એટલે ખ્યાલ આવે કે આ તિરાડ છે, પછી આટલે પાણી છે, અહીંથી પાણી જાય છે. ગોળા ઉપર પણ કોઈ જગ્યાએ ફેર તો દેખાય જ ને ! (ખબર પડ્યા) પછી એમ ને એમ બેસી રહે ? જે ગોળામાંથી પાણી ચાલ્યું જતું હોય, તો પછી એ એમને એમ બેસી રહે કે ગોળાને બદલી નાખે ? ભલે જાતું ! પાણી જ જાય છે ને ક્યાં પૈસા જાય છે ! (એમ કરીને બેસી રહે ?) પાણી જાય એ નુકસાન પણ કોઈને સહન કરવું નથી, તો પછી ઘી જાતું હોય તો ? આ તો ઘી જાય

છે. આત્માનું અમૃત લૂંટાય છે !! પણ એને ખબર નથી એટલે ચાલ્યું જવા દે છે. ખબર હોય તો જાવાં દે નહિ. આત્માની શાંતિ અને અમૃત લૂંટાય છે, અમૃત ચાલ્યું જાય છે, અમૃત ઢોળાઈ જાય છે, ઘી ઢોળાઈ જાય છે, કોણ સહન કરે એ ? કોઈ ન સહન કરે. એટલે જ્ઞાનીને ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે. એમ છે.

મુમુક્ષુ :- ઢોળાઈ જાય એમાં પોતે સહયોગ આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાથ આપે છે. રાજી થાય પાછો ! નુકસાન થાય અને રાજી થાય !! એને મુરખ કહેવાય કે બીજુ કાંઈ ? પોતાની નુકસાનીમાં પોતે રાજી થાય તો એને મુરખ કહેવાય કે બીજું કાંઈ કહેવાય ? એવી વાત છે. ઘરે દિકરાના લગ્ન આવે તો રાજી થાય, દિકરો મોટો થયો તો રાજી થાય, હવે લગ્ન આવશે તો રાજી થાય, તને શું થાય છે ? કે, તારામાં તો નુકસાન થાય છે.

(મુમુક્ષુ :- તીવ્ર અશુભમાં તો દુઃખ લાગે પણ શુભમાં સારું લાગે છે.)

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન નથી, (ભાવોનો) પરિચય નથી એટલે એવું જ થાય ને ! તીવ્ર આકુળતાનો પરિચય છે, બરાબર ? અને એ ઘટે એટલે પછી શું થાય ? સારું જ લાગે ને ! ૧૦૫ ડીગ્રીનો માથું ફાટે એવો તાવ હોય પછી ૧૦૦ ડીગ્રી થાય ત્યારે સારું જ લાગે ને ! પણ એ કાંઈ રાખી મૂકાય ? (એ તાવ) Normal થવો જ જોઈએ. જો એ ચાલુ રહે તો મોટી મુસીબત થાય. ૧૦૫ નો (તાવ) ૧૦૦ (ઉપર) લાવવો સહેલો છે પણ ૧૦૦ નો સાડી અઠ્ઠાણું લાવવો અઘરો છે. એમાં ડૉક્ટરનું પાણી ઉતરી જાય એવું છે. (જો તાવ) ન ઉતરે તો અંદર કાંઈક બીજો ભયંકર રોગ થયો છે, માટે Temperature જાતું નથી. એમ નક્કી થાય છે. (એના માટે) Investigation માં જાવું પડે.

---

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)*

અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જોકે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે; માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.

પ્રસંગથી કેટલાંક અરસપરસ સંબંધ જેવા વચનો આ પત્રમાં લખ્યાં છે, તે વિચારમાં સ્ફુરી આવતાં સ્વવિચારબળ વધવાને અર્થે અને તમને વાંચવા વિચારવાને અર્થે લખ્યાં છે.

જીવ, પ્રદેશ, પર્યાય તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષે તથા રસના વ્યાપકપણા વિષે ક્રમે કરી સમજવું યોગ્ય થશે.

તમારો અત્ર આવવાનો વિચાર છે, તથા શ્રી ડુંગર આવવાનો સંભવ છે એમ લખ્યું તે જાણ્યું છે. સત્સંગ જોગની ઇચ્છા રહ્યા કરે છે.

પ્રશ્ન :– આત્માને પ્રાપ્ત કરવા ધ્યેય કોનું હોય? નિશ્ચયનું કે વ્યવહારનું ?

સમાધાન :– ધ્યેય નિશ્ચયનું હોય, નિશ્ચયનું ધ્યેય રાખવું. વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ. નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે. જે જીવો વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ થાય છે તેમ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી. આત્મા સ્વયં અનાદિ-અનંત તત્ત્વ છે, આ વિભાવ તે મારો સ્વભાવ નથી, હું ચેતનતત્ત્વ છું. એવી દૃષ્ટિ-પ્રતીતિ અને એવું ધ્યેય હોવું જોઈએ. તેવી જાતની ભાવના અને ખટક હોય તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી. નિશ્ચયનું ધ્યેય, દૃષ્ટિ અને ભાવના રાખે તો પલટાવાનો અવકાશ છે. વ્યવહાર તો વ્યવહાર જ છે, બંધરૂપ છે.

સર્વસ્વભૂત તો આત્મા છે. આત્મામાંથી શુદ્ધ પર્યાય પ્રગટે છે. આ શુભ તો શુભ જ છે. જ્યાં સુધી શુદ્ધતા થતી નથી, ત્યાં સુધી શુભમાં ઊભો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવના કર્યા કરે. પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે. આત્મામાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૨૮)**

પ્રશ્ન :– ચૈતન્યને ગ્રહણ કરવા માટે વાંચન, મનન, સત્પુરુષનો સમાગમાદિમાંથી વિશેષપણે શું હોય ?

સમાધાન :– બધું સાથે હોવું જોઈએ, વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્પુરુષનો સમાગમ, વાણી બધું સાથે હોવું જોઈએ. ગુરુદેવે શું કહ્યું છે ? માર્ગ શું બતાવ્યો છે ? તે રીતે સત્પુરુષના આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો. ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તો પોતાના જ્ઞાનથી, પણ ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે તે સાથે રાખીને વિચાર કરે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૯)**

પ્રશ્ન :– આ તત્ત્વના પોષણ માટે એકાંત વિશેષ હોવું જોઈએ એવું જરૂરી છે ?

સમાધાન :– એકાંતની ભાવના આવે. એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું એક જાતનું સાધન બને છે. એકાંત હોવું જ જોઈએ એમ નથી, કોઈને વાંચન ગમે ને કોઈને એકાંતમાં ગમે એમ સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય. એકાંત હોય તો પોતાને વિચારનો-મનન કરવાનો વધારે ટાઈમ મળે. **(સ્વાનુભૂતિદર્શન-૨૩૦)**

પ્રશ્ન :– ક્રમમાં આવી પડેલા ઉદયભાવને આઘા-પાછા કરી શકાતા નથી ને તે વખતે આ બાજુના (તત્ત્વના) વિચાર-મનન તૂટી પડે છે તો શું કરવું ?

સમાધાન :– પોતાની ભાવના હોય તો પુરુષાર્થ કરીને પરિણામને પલટાવી શકે છે. જો પરિણામ પલટાવી શકાતાં ન હોય તો અનાદિ કાળથી કોઈ જીવ પુરુષાર્થ કરીને, ભેદજ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત જ ન કરી શકે. પર્યાયનો સ્વભાવ જ પલટવાનો છે. સ્વભાવ તરફ ભાવના કરી સ્વભાવને ગ્રહણ કરે તો વિભાવ પર્યાયનો પલટો થાય. જે પર્યાય આ બાજુ (વિભાવમાં) જાય છે તે પર્યાયને સ્વ તરફ વાળવી તે પોતાના હાથની વાત છે. ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું હોય છે. એકલું ક્રમબદ્ધ હોતું નથી, ક્રમબદ્ધની અંદર સ્વભાવ પુરુષાર્થ બધું જોડાયેલું હોય છે. જેને વિભાવ સર્વસ્વ લાગે છે અને તેમાંથી છૂટવું ગમતું નથી તેનું ક્રમબદ્ધ પણ એવું છે. જેને વિભાવ રુચતો નથી અને સ્વભાવ જ રુચે છે તેનું ક્રમબદ્ધ તે જાતનું હોય છે. તેની પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ હોય છે, તેનું ક્રમબદ્ધ પુરુષાર્થ સાથે જોડાયેલું છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૩૧)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– આ ભાવના મંદ છે કે તીવ્ર છે એ કેવી રીતે ઓળખી શકાય ?

સમાધાન :– પોતાની મંદતા દેખીને ઓળખાય કે આ મંદ-મંદ ચાલે છે અને ઉગ્રતા થતી નથી એટલે હજી ઉગ્રતાની ખામી છે. મંદ-મંદ ચાલે, ધીમી ગતિએ ચાલે તેને વાર લાગે છે, જેને ઉગ્રતા થાય તે ત્વરાથી પહોંચી જાય છે. ધીમી ગતિએ ચાલનારો ત્યાં ઊભો રહે તો કેમ પહોંચાય ? તેને ખ્યાલ આવે કે હું નથી પહોંચી શકતો માટે મારી ગતિ ધીમી છે. હું જ્યાં ઊભો છું ત્યાં જ ઊભો છું. આગળ જતો નથી.

ભાવનગર જવું હોય ને ધીમી ગતિએ ચાલે, તો પહોંચતા વાર લાગે. ઉતાવળી ગતિએ ચાલનાર એકદમ પહોંચી જાય છે. નથી પહોંચાતું તે બતાવે છે કે ધીમી ગતિ છે, ઉપર-ઉપરથી થાય છે, અંદરથી પ્રગટ થાય તો પહોંચી જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૩)**

❈

પ્રશ્ન :– જોર તો પોતાને દેવાનું છે ને ?

સમાધાન :– પુરુષાર્થ તો પોતાને જ કરવાનો છે, કોઈ કરાવી દેતું નથી. રખડનારો પોતે અને મોક્ષ કરનારો પણ પોતે – સ્વતંત્ર છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૨૪)**

❈

પ્રશ્ન :– નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો ઘણિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન જે અસર કરે છે, તે વાંચવાથી થતું નથી.

સમાધાન :– તોપણ પોતે સ્વતંત્ર છે. ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે. કરવાનું પોતાને છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૨૫)**

❈

પ્રશ્ન :– શું જ્ઞાન, દર્શન, ચારિત્ર બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું ?

સમાધાન :– હા, બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. હું જ્ઞાયક, હું ચૈતન્ય એમ જ્ઞાયકનું અસ્તિત્વ (પોતાનું અસ્તિત્વ) તું ગ્રહણ કર તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય. તારું અસ્તિત્વ તું ગ્રહણ કર તો જે સ્વભાવ છે તે સ્વભાવ પ્રગટરૂપે પરિણમી જશે. તારું અસ્તિત્વ તે ગ્રહણ કર્યું નથી એટલે વિભાવ પર્યાયો પ્રગટ થાય છે. તારું અસ્તિત્વ તું (પોતે) ગ્રહણ કર તો તેમાંથી સ્વભાવ પર્યાયો પ્રગટ થશે. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૬)**

❈

પ્રશ્ન :– ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે શું કરવું ?

સમાધાન :– ઉપયોગ બહારમાં જાય ત્યારે જેને સહજદશા હોય છે તેને પોતાની ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે. જિજ્ઞાસુનો ઉપયોગ બહાર જાય ત્યારે તેને અંદરમાં ભાવ એમ રહ્યા કરે કે કરવાનું બીજું છે. ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે, પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે, જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે, તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે. બહાર ઉપયોગ જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે, યાદ કરવું નથી પડતું. એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું. જ્યારે ઉપયોગ બહાર જાય તે ક્ષણે જુદી જ્ઞાયકની સહજ ધારા ચાલતી જ હોય છે.

પણ જેને સહજદશા નથી અને તેનો ઉપયોગ બહાર જાય તો ભાવના રાખે કે કરવાનું બીજું છે, ઉપયોગ અંતરમાં જવો જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૨૭)**

❈

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**




**૫૬૯**

મુંબઈ, ફાગણ વદ ૩, ૧૯૫૧

**શ્રી સત્પુરુષોને નમસ્કાર**

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજ સ્વભાવરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.

જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય તો તેને મોક્ષ વિશેષ દૂર નથી.

અન્યપરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગપ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય.

હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે કંઈ પણ કાળ જાય છે તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે; અથવા એવો નિશ્ચય રહે છે.

જનકાદિ ઉપાધિમાં રહ્યા છતાં આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબન પ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી. શ્રી જિન જેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા એવા ભયના હેતુરૂપ ઉપાધિયોગની નિવૃત્તિ આ પામર જીવ કરતાં કરતાં કાળ વ્યતીત કરશે તો અશ્રેય થશે, એવો ભય જીવના ઉપયોગ પ્રત્યે પ્રવર્તે છે, કેમકે એમ જ કર્તવ્ય છે.

જે રાગદ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતાં નથી, તે રાગદ્વેષાદિ પરિણામ છતાં જીવન મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ આશાતના કરે છે, એમ વર્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્તવ્ય છે.

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૯ ઉપર)**